॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

માર્ચ ૨૦૧૫

રૂા. ૫/૦૦

## શ્રી હરિકૃષ્ણ મહારાજના ૧૪૮મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે

# શ્રીમદ્ નિષ્કુળાનંદ કાવ્ય

## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ઉજવાયો

















અ.નિ. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની પુન્ય સ્મૃતિમાં
મેડિકલ કેમ્પનું દિપ પ્રાગટ્ય કરતાં પૂ. મહંત સ્વામી - માંડવી

ભુજ મંદિર દ્વારા દુષ્કાળ રાહત
નિમિત્તે ગાયો માટે ઘાસ ચારાનો સંગ્રહ







શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજનો
૧૫૫ મો વાર્ષિક પાટોત્સવ - માંડવી

શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ - સ્ટેનમોર યુ.કે.









મેલબોર્ન ઓસ્ટ્રેલીયા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે
શ્રી ઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન

નૂતન મંદિરનું પૂરજોશમાં ચાલતું
બાંધકામ - વુલ્વીચ યુ.કે.








મંદિરના વાર્ષક પાટોત્સવ નિમિત્તે અભિષેક, અન્નકૂટ દર્શન તથા ધજારોહણ - પર્થ ઓસ્ટ્રેલિયા

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૧ કુલ્લ અંક ૨૧૨

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૫ અંક - ૩ - માર્ચ – ૨૦૧૫
સળંગ અંક - ૩૫૧

૫.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

સંતના ચરણસ્પર્શ કરતા હરિભક્તને સંતે સાહજિક ભાવે પૂછ્યું, ''કેમ છો ભગત ?'' જવાબ મળ્યો, ''શાંતિ છે.'' જવાબ આપતાં જ ભક્ત ત્વરાથી આગળ નીકળી ગયા. ભાગદોડ ભર્યા ગતિશીલ જીવનમાં ભક્તજનોનાં હૈયામાં શું ખરેખર શાંતિ છે ખરી ?

બીજા દિવસે ફરી એજ ભક્તે રાબેતા મુજબ જવાબ આપ્યો, ''શાંતિ છે.'' ત્યારે સંતે વાત્સલ્યભાવ સાથે કહ્યું, ''તમારું મન અશાંત તો નથીને ? સાચી શાંતિ તો પ્રભુ સાથે જોડાઈએ ત્યારે મળે છે.'' સંતની વાણીમાં રહેલી આત્મીયતાની મીઠાશ અને આંખોમાંથી નીતરતો પ્રેમભાવ ભક્તને સ્પર્શી ગયા. સંતના ચરણો પાસે બેસી મનની મૂંઝવણ વ્યક્ત કરતાં ભક્તે કહ્યું, ''મહારાજની મારા પર પૂર્ણ કૃપા છે, જીવનમાં કોઈ સમસ્યા નથી. હું દરરોજ નિયમિત દર્શન કરવા આવું છું પણ દર્શન સમયે મન મૂર્તિમાં ચોંટતું નથી. એકાગ્રતાનો પ્રયત્ન કરું છું પણ મન તો હરિસ્મરણ કરતાં કરતાં સ્વૈર વિહાર કરતું ક્યાંનુ ક્યાં ભટકતું હોય છે, ભગવાન એક બાજુ રહી જાય છે અને મનનો કબજો દુન્યવી બાબતો લઈ લે છે તેથી મને ખૂબ રંજ થાય છે અને મન અશાંત રહે છે. સ્વામી, મારી આ મુશ્કેલી દૂર કરવાનો માર્ગ બતાવો.''

સસ્મિત વદને સંતે કહ્યું, ''ભણેલો હોય કે અભણ, ધનવાન હોય કે નિર્ધન દરેક જણ શાંતિ ઈચ્છે છે, જીવન આખું શાંતિની શોધમાં ભટકતો રહે છે. અશાંતિ એક સમસ્યા છે અને એ સમસ્યાનું સમાધાન પણ પોતા પાસે જ છે કારણ કે શાંતિ તો મનમાં જ રહેલી છે, શાંતિનો અનુભવ કરવાની જરૂર છે.'' ભક્તે પૂછ્યું, ''શાંતિની અનુભૂતિ માટે શું કરવું ?'' સંતે કહ્યું, ''સૌ પ્રથમ તો સત્સંગ કરો, પ્રભુપરાયણ બનો, પ્રભુપરાયણ થવા પ્રભુ પ્રત્યે શ્રધ્ધા હોવી જોવી. સંપૂર્ણ નિષ્ઠા સાથે ભક્તિ થવી જોઈએ. ભક્તિ સમયે કર્મનું બંધન ન હોવું જોઈએ. મનને મૂર્તિમાં સ્થિર રાખવા માટે એકચિત્ત થવું જરૂરી છે. એકચિત્ત અર્થાત્ એકાગ્રતા માટે ધ્યાન ધરવું આવશ્યક છે. ધ્યાન ધરવામાં યોગ સહાય કરે છે તેથી ધ્યાન સાથે યોગ કરતાં મન નિર્મળ થાય છે અર્થાત્ ચિત્તશુધ્ધિ થાય છે. ચિત્તશુધ્ધિ થતાં જ આત્માને પરમાત્મા સાથે જોડવાનું સરળ બને છે.'' ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે કર્મનું બંધન અને મોક્ષ જે કંઈ છે તે મન થકી જ છે. એટલે પહેલાં ચિત્તશુધ્ધિ કરવી આવશ્યક છે. આત્મશુધ્ધિ વગરની ભક્તિ નકામી છે. સંતની અમૃતવાણીનો પ્રભાવ ભક્ત પર થવા લાગ્યો. સંતે કહ્યું, ''એક ચિત્તે ધ્યાન કરવાની ક્ષમતા પ્રાપ્ત થતાં શાંતિનો અહેસાસ થવા લાગશે, આત્માનુભૂતિ થતાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. છેવટે આત્મસંતોષ, આત્મઆનંદ અને આત્મશાંતિનો અનુભવ થાય છે.''

આપણે સૌ સત્સંગ કરીએ છીએ, કથા શ્રવણ કરીએ છીએ પણ માત્ર શ્રવણ કરવાથી કશું જ પ્રાપ્ત થવાનું નથી. સત્સંગની વાતો એક ચિત્તે શ્રવણ કરી અંતઃકરણમાં ઉતારવી જરૂરી છે. સત્સંગની વાતો અંતઃકરણમાં ઉતરશે તો જ આત્મજાગૃતિ થશે. દર્શન કરીએ ત્યારે મનને મૂર્તિમાં જોડીએ.મૂર્તિ માધ્યમ છે જે શ્રીહરિને સમર્પિત થવા માટે પ્રેરિત કરે છે. મોક્ષમાર્ગ ચીંધે છે. મોક્ષ મૃત્યુ પછી નથી, જો શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં અખંડ પ્રીતિ સાથે જોડાઈ જશું તો સાચી મોક્ષપ્રાપ્તિ આ જીવનમાં જ મળી જશે તેમાં લેશ માત્ર શંકા નથી. માટે સઘડું સહજાનંદ સ્વામી પર છોડી દો, નચિંત થઈ ભજન-ભક્તિ કરો. સૌ પ્રત્યે સદ્‌ભાવ રાખો તો ખરા અર્થમાં જવાબ આપી શકશો કે ''શાંતિ છે.''

ભક્તે એ સમજવાની જરૂર છે કે શાંતિનો સંબંધ મન સાથે છે. પ્રભુ સ્મરણ મનથી થવું જોઈએ, અહીં દંભને સ્થાન નથી તેથી જ પ્રભુપરાયણ સંતે સાચું જ કહ્યું છે કે,

'માલા તો કરમેં ફિરે, જીભ ફિરે મુખ માંહી, મનવા ચહુ દિશ ફિરે, યે તો સુમિરન નાંહી.' અર્થાત્

હાથમાં માળા ફરતી હોય અને મુખમાં હરિનું નામ હોય પણ મન જો ચારે દિશામાં ફરતું હોય તો તે હરિસ્મરણ નથી.

આપણા સંપ્રદાયના સંતો પણ સાચી શાંતિ મેળવવાનો માર્ગ ચીંધતાં જણાવે છે કે શાંતિ મેળવવાની પહેલી શરત એ છે કે શ્રી સહજાનંદ સ્વામીનું શરણ નિઃસ્વાર્થભાવે સંપૂર્ણ શ્રધ્ધા અને નિષ્ઠાપૂર્વક સમર્પિત થઈને સ્વીકારવું. હરિભક્તે એ પણ ધ્યાન રાખવું કે આંખમાં માત્ર અખંડ મૂર્તિ હોય, કાનમાં કથા(સત્સંગ) હોય, જીભ પર ભજન-કીર્તન-સ્તુતિ હોય, હાથમાં માળા હોય,કર્મમાં સેવા હોય, હૈયામાં હરિ હોય અને હરિ પ્રત્યે હેત હોય, વ્યવહારમાં સદ્‌ભાવ હોય અને આચરણમાં અનુકંપા હોય તો શાંતિને શોધવા જવું પડતું નથી. શાશ્વત શાંતિ આપોઆપ મળે છે.

જય શ્રી સ્વામિનારાયણ !

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



## વેદોપબૃંહ્મણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૪૦

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



પિતાએ કાંઈ ઉત્તર આપ્યો નહી, પરન્તુ પુનઃ તપ કરવાનું કહ્યુ અને બ્રહ્મને જાણવાની આજ્ઞા કરી. ફરી ભૃગુએ વિજ્ઞાનની બ્રહ્મના રૂપમાં ઉપાસના કરવા લાગ્યા અને મનન તથા તપ કરવા લાગ્યા. ''विज्ञानम् ब्रह्मेति व्याजानात् ।'' વિજ્ઞાન જ બ્રહ્મ છે કારણ કે - વિજ્ઞાન અર્થાત્ જીવાત્માથી જ સમસ્ત પ્રાણીઓ ઉત્પન્ન થઈને જીવે છે અને અન્તમાં તેમાં જ પ્રયાણ કરે છે. પ્રયાણ પછી જે આ જ જીવાત્મામાં પ્રવેશ કરી જાય છે. તેથી આ વિજ્ઞાનસ્વરૂપ જીવાત્મા જ બ્રહ્મ છે. આવો નિશ્ચય કરીને ભૃગુ ફરી પિતા પાસે આવીને કહ્યું હે પિતા! વિજ્ઞાન જ બ્રહ્મ છે એવું મેં જાણ્યુ છે.

પિતા મૌન રહ્યા તેથી ભૃગુ ઋષિ સમજી ગયા કે વિજ્ઞાનથી પર (ઉપર) કોઈ બ્રહ્મ છે તેથી તેઓ ફરી 'આનંદ' ને બ્રહ્મ માનીને પિતાની આજ્ઞાનુસાર મનન અને તપ કર્યું ''आनन्दो ब्रह्मेति व्याजानात् ।'' આનંદ જ બ્રહ્મ છે એવો નિશ્ચય કર્યો, કારણ કે - આનંદ થી જ સર્વે જીવો ઉત્પન્ન થાય છે અને આનંદની ઈચ્છાથી જ જીવે છે અને જીવનને અન્તે જીવાત્મા આનંદસ્વરૂપ બ્રહ્મમાં વિશ્રામ લે છે. તેથી બધાના જીવનનો આધાર આનંદસ્વરૂપ બ્રહ્મ છે. આવો અનુભવ થતાં જ ભૃગુ ઋષિને પરબ્રહ્મનું યથાર્થ જ્ઞાન થઈ ગયું અને જિજ્ઞાસા શાંત થઈ ગઈ. ત્યારપછી પુનઃ ભૃગુ ઋષિ પિતા પાસે ન ગયા. આ પ્રમાણે ભૃગુના પિતાના નામથી પ્રસિદ્ધ આ આરુણી વિદ્યા સ્વયં વિશુદ્ધ આકાશ સ્વરૂપ પરમાત્મામાં પ્રતિષ્ઠિત છે. જે આ વિદ્યાને યથાર્થ જાણી લે છે તે બ્રહ્મતેજથી સંપન્ન થઈને અન્નવાન, ધનવાન અને સંપૂર્ણ નિરોગી થઈ જાય છે.

સાતમો અનુવાક - અન્નનો મહિમા.

આ અનુવાકમાં અન્નનો મહિમા અને જીવનમાં તેનું મહત્વ બતાવવામાં આવ્યું છે. સૌ પ્રથમ મનુષ્યોએ એક વ્રત લેવું જોઈએ કે - ''अन्नं न निन्द्यात् । तद्व्रतम् ।'' અમે ક્યારેય પણ અન્નની નિંદા નહિ કરીએ અને તેનો તિરસ્કાર પણ નહિં કરીએ. અન્ન જ શરીર છે અને અન્ન જ પ્રાણ છે કારણ કે અન્નમય શરીર અન્નથી આધારિત છે અર્થાત્ અન્ન અન્નમાં જ પ્રતિષ્ઠિત છે. તથા પ્રાણ પણ અન્નમાં જ પ્રતિષ્ઠિત છે. આવું અન્નનું રહસ્ય જે મનુષ્ય જાણી લે છે તે અન્નવાન, પશુવાન, કીર્તિવાન તથા મહાન થાય છે.

(અન્નનું મહત્વ - સૌ જાણે છે કે - જીવ પ્રાણી માત્રના જીવનમાં અન્નનું કેટલું મહત્વ છે. અન્ન હશે તો જ સર્વે સુખી રહેશે. તેથી ભગવાન કૃપા કરીને એક અન્નના દાણામાંથી અનેક દાણા બનાવે છે. આપે ધરતીમાં એક દાણો નાખીએ તો અનેક ઘણા કરીને ભગવાન આપણને આપે છે આવું એટલા માટે કે જીવો અન્નનું ભોજન કરીને સુખેથી જીવી શકે. હવે આપણું સૌનું કર્તવ્ય છે કે અન્નને

ખાવામાં અને અન્ય જીવોને ખવડાવવામાં જ ઉપયોગ કરવો જોઈએ. અન્નનો બગાડ ન કરવો જોઈએ. આજે ભારતમાં કુપોષણની ઘણી ચર્ચા ચાલી રહી છે. કારણ કે ગરીબોને અન્ન ખાવા મળતું નથી અને અવ્યવસ્થાને કારણે હજારો કિલો અન્ન બગડી જાય છે. ખેડુતો કાળી મહેનત કરીને ખેતમાં અન્ન ઉત્પાદન કરે છે અને સાંચવણીના અભાવે તેને બગડી જાય છે આ અન્ન દેવતાનો અપરાધ કર્યો કહેવાય. બીજું કે - દરેકના ઘરમાં જેટલું અન્ન ખાવા જોઈતું હોય એટલું જ અન્ન રાંધવું જોઈએ વધારે રાંધે અને ઘરના સભ્યો ખાઈ ન શકે પછી તેને ફેકી દેવું પડે તો આ અન્ન નો બગાડ કર્યો કહેવાય. ગરીબોને અન્નનું ભોજન ખાવા ન મળતું હોય અને ધાનવાન લોકો રાંધેલું અન્ન ફેકી દેતા હોય તો અન્નદેવતાનો અપરાધ કર્યો કહેવાય .તાજેતરમાં એક અખબારમાં રીપોર્ટ આવેલો કે ભારતમાં ૩૦ ટકા કાચાં અન્નનો બગાડ થાય છે અને ૩૫ ટકા રાંધેલા અન્નનો બગાડ થાય છે. તેવી રીતે અમેરીકામાં માત્ર ૬ ટકા કાચાં અન્નનો અને ૫૦ ટકા રાંધેલા અન્નને બગાડ થાય છે. આજ ના કપરા કાળમાં જ્યારે લાખો લોકોને અન્ન ખાવા નથી ત્યારે આવી રીતે અન્નનો બગાડ થતો હોય તો કેવી રીતે તમામ લોકોના પેટ સુધી અન્ન પહોંચી શકે ? તેથી ઉપનિષદના ઋષિઓ કહે છે કે અન્નનો બગાડ ન કરવો અને તેની નિંદા પણ ન કરવી. ઋષિઓએ તો અન્નને બ્રહ્મની ઉપમા આપી છે . જે મનુષ્ય અન્નનું સન્માન કરે છે તે બ્રહ્મનો અનુભવ કરી શકે છે.)

આઠમો અનુવાક

આ અનુવાકમાં જળ અને તેજ (જ્યોતિ)ને અન્નની સમાન કહીને તેને પણ પૂજનીય માનવામાં આવ્યા છે. ''अन्नं न परिचक्षीत । तद्व्रतम् । आपो वाऽन्नम् । ज्योतिरन्नादम् ।'' મનુષ્ય અન્નની નીંદા ન કરે, તેવી જ રીતે જળ અને જ્યોતિ પ્રત્યે પણ એવું જ વ્રત લેવું જોઈએ. જળ જ અન્ન છે કારણ કે સર્વે બધાં પ્રકારનાં અન્ન જળ થકી ઉત્પન્ન થાય છે તેથી અન્ન જળને આધારે છે. તેજ (જ્યોતિ) જળમાં પ્રતિષ્ઠિત છે કારણ કે જેવી રીતે અગ્નિ તથા સૂર્યની જ્યોતિ બહારના વાતાવરણથી જળનું શોષણ (ભક્ષણ) કરે છે. પ્રાણીઓના પેટમાં રહેલ જઠરાગ્નિ શરીરમાં જળનું શોષણ કરે છે.એવી રીતે સર્વે અન્નમાં જ પ્રતિષ્ઠિત થાય તેથી જે મનુષ્ય આ રહસ્ય જાણી લે છે તે અન્નવાન્, સંતાનવાન્, પશુવાન્, કીર્તિવાન્, બ્રહ્મતેજથી યુક્ત મહાન્ મનુષ્ય થાય છે.

નવમો અનુવાક આ અનુવાકમાં પૃથ્વી અને આકાશ આ બન્નેની અન્નના રૂપમાં આરાધના કરવામાં આવી છે. ''अन्नं बहु कुर्वीत । तद्व्रतम् । पृथिवी वा अन्नम् ।'' અન્નને ખૂબ વધારવું તે એક વ્રત છે. પૃથ્વી જ અન્ન છે કારણ કે બધા પ્રકારનાં અન્ન પૃથ્વીથી ઉત્પન્ન થાય છે. આહિં પૃથ્વીને 'અન્નાદ' એવું નામ આપ્યું છે. આ પૃથ્વીને ઢાકીને રહેલ આકાશ છે તે અન્નના ભોક્તા છે. પાંચમહાભૂતોમાંથી આકાશ પહેલું તત્ત્વ છે અને પૃથ્વી છેલ્લું તત્ત્વ છે તથા જળ, તેજ, વાયુ આ ત્રણ તત્ત્વ બન્નેની વચ્ચે છે. તેથી સર્વે ખાદ્ય પદાર્થરૂપી અન્ન આ આકાશમાં પણ વ્યાપ્ત છે. આવું રહસ્ય જે મનુષ્ય જાણી લે છે તે અન્નવાન્, સંતાનવાન્, પશુવાન્, કીર્તિવાન્, અને બ્રહ્મતેજ વાળો થઈને મહાન્ મનુષ્ય થાય છે.

દશમો અનુવાક

આ અનુવાકમાં અતિથિ સેવા તેમ જ જુદી જુદી ભાવનાઓથી દેવની સ્તુતિ કરવામાં આવી છે. અનુવાકના પ્રારંભમાં કહેવામાં આવ્યું છે કે - ''न कश्चन वसतौ प्रत्याचक्षीत । तद्व्रतम्।'' પોતાના ઘેર આવેલ અતિથિને ક્યારેય પણ નિરાશ ન કરવો જોઈએ. આ અતિથિ સત્કાર અને અતિથિ ભાવના કરવી એ એક મોટું વ્રત છે. આવેલ અતિથિને શ્રદ્ધાપૂર્વક સત્કારપૂર્વક ભોજન આપવું જોઈએ. જેવી ભાવના અને શ્રદ્ધાથી અતિથિની સેવા કરવામાં આવે છે તેવું ફળ મળે છે.

પરમાત્માના વિભૂતિરૂપમાં સર્વત્ર ચિંતન કરતાં કહે છે કે - બ્રહ્મ વાણીમાં , પ્રાણમાં, અપાનદિમાં, હાથોમાં,પગોમાં, ગુદામાં ક્રમશઃ ક્ષેમ (રક્ષા) યોગ ક્ષેમ, કર્મ, ગતિ તથા ઉત્સર્જન તથા વિસર્જન આદિ ક્રિયા શક્તિઓના રૂપમાં રહેલ છે. આ જ આધ્યાત્મિક ઉપાસના છે.

હવે આધ્યાત્મિકમાં દેવતાઓની ઉપાસનાનું વર્ણન કરતાં કહે છે કે - વર્ષા (વરસાદ)માં, વિજળીમાં પશુઓમાં, નક્ષત્રોમાં, જનનેન્દ્રિયમાં ક્રમશઃ તૃપ્તિ, તેજ,

બળ, પ્રકાશ અને વીર્યરૂપમાં પરમાત્માનો અંશ અભિવ્યક્ત છે. આવા પરબ્રહ્મની ઉપાસનાનું ફળ બતાવતાં કહે છે કે - બ્રહ્મ સર્વત્ર પ્રતિષ્ઠિત છે એવી ભાવનાથી ઉપાસક ઉપાસના કરે છે તે સર્વત્ર પ્રતિષ્ઠાવાન થાય છે. તેમજ બ્રહ્મની મહાન્ ભાવથી આરાધના કરે છે તે મહાન્ થાય છે, તથા બ્રહ્મને મનરૂપ માનીને ઉપાસના કરે છે તે મનન શક્તિથી સંપન્ન થાય છે. જે આ પરબ્રહ્મને નમન તથા નમસ્કાર કરે છે તેને સંસારનાં બધાં પદાર્થ સુલભ થઈ જાય છે. જે પરબ્રહ્મની સંહારાત્મક રૂપની આરાધના કરે છે અર્થાત્ પરમાત્મા પ્રલયના કારણ સ્વરૂપ છે આવી ભાવનાથી ઉપાસના કરે છે તેના બધા શત્રુઓ નષ્ઠ થઈ જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે બ્રહ્મની જેવી જેવી ભાવનાથી આરાધના કરવામાં આવે તેવા ફળને મેળવે છે. બ્રહ્મ સર્વત્ર છે. બધામાં તે તે રૂપથી રહેલા છે આવું જે જાણી લે છે તે અન્નવાન્, પ્રાણવાન્, મનોમય, વિજ્ઞાનમય અને અંતે આનંદમય પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે. આ ઉપનિષદના અંતમાં અન્નની પ્રશંસામાં એક વિચિત્ર રહસ્યમય મંત્ર આપીને આ ઉપનિષદ્ એવં બ્રહ્મ વિદ્યાને વિરામ આપવામાં આવી છે.

- આહીં તૈત્તિરીયોપનિષદ સમાપ્ત થાય છે. -

ક્રમશઃ

## માર્ચ મહિનાની આગામી કથાઓ

| તારીખ | ગામ | |
|---|---|---|
| ૩-૩-૧૫ | માંડવી | અ.નિ. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી આદિ સંતોની પુણ્યસ્મૃતિમા સંત સ્મૃતિ મહોત્સવ પંચાહ્ન પારાયણ મહારાજશ્રી પધારશે તથા ગાદીવાળા પધારશે |
| ૬-૩-૧૫ | માધાપર | શ્રીમદ્ ભાગવત કથા પારાયણ દિવસ પાંચની માધાપર બંને મંદિરમાં |
| ૧૦-૩-૧૫ | મેઘપર | કથા પારાયણ દિવસ પાંચની |
| ૨૦-૩-૧૫ | ભુજ | મંદિરમાં આજથી સમૂહ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ |
| ૨૯-૩-૧૫ | માધાપર | શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ |
| ૩૧-૩-૧૫ | કેરા | શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ભાગવત પંચાહ્ન પારાયણ |
| ૩૧-૩-૧૫ | બળદીયા ઉ.વા. | પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ |
| ૨-૪-૧૫ | માંડવી | શ્રી ઘનશ્યામ મહારાજ પંચ દશાબ્દી પાટોત્સવ, સુવર્ણ દ્વાર ઉદ્ઘાટન તથા અક્ષર ભુવન ઉદ્ઘાટન મહોત્સવ-મોટા મહારાજશ્રી પધારશે |


II Shree Swaminarayano Vijaytetram II

# શ્રી સહજાનંદ ગુરુકુલ માનકુવા

ધોરણ KG1, KG2, Std 1-7

# એડમિશન ચાલુ છે.

આ વર્ષથી (૨૦૧૫) નવા સત્રથી ધોરણ ૫,૬ અને ૭ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી મિડિયમના વિદ્યાર્થી માટે રહેવાની સુવિધા શરુ કરવામાં આવી છે.

**સંપર્ક : શ્રી સહજાનંદ ગુરૂકુલ, માનકુવા Tel.: 02832 - 277271/72**

# કળશ ચડાવ્યો, કલ્યાણનો રે !

પ્રો.મહાદેવભાઈ ધોરિયાણી

સર્વાંતર્યામી સર્વેના પ્રેરક પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે કલ્યાણનું સદાવ્રત ખોલીને અનેક જીવોનું કલ્યાણ કર્યું છે. આજે પણ અભયદાન-મુક્તિનું સદાવ્રત ચાલુ જ છે. આથી નિષ્કુળાનંદ સ્વામીએ સાચા અર્થમાં ગાયું છે કે, -

"કળશ ચડાવ્યો કલ્યાણનો રે,
સહુના મસ્તક પર મોડ ;
પુરુષોત્તમ પ્રગટી રે."

"ન જોઈ જાત-કુજાત, પુરુષોત્તમ પ્રગટી રે."

"બહુ બાંધી કલ્યાણની સડક રે,
જાય ધામ જીવ નિધડક રે,"

ભગવાન શ્રી સ્વામિનારાયણે પ્રગટ થઈ, માયાની ઘોર મોહ નિંદ્રામાં પડેલી આમજનતાને ઢંઢોળીને ખરેખર સચેત કરી, તેઓનાં હૈયામાં વ્યાપેલ દોષો ને દુર્ગોણરૂપી અંધકાર દૂર કરી પરમ પવિત્ર જીવન, સેવા, ભક્તિ અને આત્યંતિક કલ્યાણના સન્માર્ગે પ્રકાશ પાથર્યો છે. 'વચનામૃત' અને 'શિક્ષાપત્રી' જેવા 'સર્વજીવહિતાવહ' ગ્રંથોની રચના કરીને તત્કાલીન સમાજના ઉદ્ધાર અને ઉન્નતિનો મર્યાદિત વિચાર કર્યો નથી, પરંતુ દીર્ઘદષ્ટિથી ભાવિ સમાજના સુખ-શાતિ અને કલ્યાણ માટેની પણ તેટલી જ બલકે તેથી પણ સુંદર સુવિધા અને સુવ્યવસ્થા સંપ્રદાયના બંધારણ દ્વારા કરી છે. સહજાનંદ સ્વામીએ પોતાના જોગમાં આવનાર અનેકનાં કલ્યાણ કર્યાં એટલું જ નહિ, પરંતુ આત્યંતિક કલ્યાણનો પુનિત પ્રવાહ સદાય વહેતો રહે તે માટે અમદાવાદ અને વડતાલ મુકામે ધર્મવંશની ગાદી સ્થાપી તે માટે વિશિષ્ટ યોજના કરી :

"ફરી ફરી ફેરો પડે, એવું કરવું નથી આ વાર ;
સહુ જીવનો સામટો, આજ કરવો છે ઉદ્ધાર."

તેમણે આ રીતે મુક્તિનો માર્ગ સુગમ બનાવ્યો છે.

"મંદિર કરાવું મોટાં અતિ, મૂર્તિઓ બેસારું માંય,
સુગમ સહુ નરનારને, પૂજે સ્પર્શે લાગે પાયે."

શ્રીજી મહારાજે ઉપાસના અને ભક્તિમાર્ગ પ્રવર્તાવી મંદિરોમાં પોતાના સ્વરૂપો પધરાવ્યાં. અમદાવાદ અને ભુજમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ સ્વહસ્તે મંદિરમાં પ્રસ્થાપિત કરી.

સંપ્રદાયના વિસ્તારની અભિવૃદ્ધિ થઈ હોવાથી તેમણે ગાંદીના અમદાવાદ દેશ અને વડતાલ દેશ એમ બે વિભાગ કર્યા. પુરુષવર્ગને આચાર્ય મહારાજ અને સ્ત્રી વર્ગને ગાદીવાળા અટલે કે આચાર્યશ્રીના ધર્મપત્ની ગુરુમંત્ર આપે તેવી વ્યવસ્થા કરી. પ.પૂ. આચાર્યશ્રીએ સંપ્રદાયનું મુખ્ય અંગ છે અને તેઓશ્રીના ઉપર સારાય સંપ્રદાયની ઉન્નતિ અને અભિવૃદ્ધિનો મોટો આધાર રહેલો છે. આ પ્રકારે આચાર્યોને ધર્મધુરા સોંપી, પ્રેરણાત્મક વિશિષ્ટ આધ્યાત્મિક સાહિત્યનું પણ સર્જન કરાવ્યું. આ રીતે અનંતના આત્યંતિક કલ્યાણ થાય તેવી મંગળ યોજના મહારાજે કરી છે. આવી દીર્ઘદષ્ટિયુક્ત કલ્યાણકારી નિયંત્રણ, પૂર્ણ પુરુષોત્તમ વગર અન્ય કોઈનું ગજું નથી !

"બાંધી બળવંત પીઠિકા, કેડે તારવા કોટાન કોટ ;
કર્યું હિત અતિ આ સમે, અમે રાખી નથી કાંઈ ખોટ." -પુરુષોત્તમ પ્રકાશ

શ્રીજી મહારાજે કરુણામય બની લોકોના કલ્યાણ અર્થે સંપ્રદાયને યથાયોગ્ય સ્વરૂપમાં મૂકવા માટે

અહોરાત અવિરત ઉદ્યમ શરૂ કર્યો હતો. એ કલ્યાણકાર્ય નિર્વાણ પર્યંત ૩૦ વર્ષ સુધી એકધારું ચાલુ રાખ્યું. સારાય ગુજરાતમાં ઉપદેશનો પ્રવાહ વહેવડાવ્યો, અને કહ્યું કે, - '' જેમાં ત્રણ વાનાં નિયમ, નિશ્ચય અને પક્ષ હોય તે પાકો સત્સંગી કહેવાય.''

સત્સંગ કરવો તે પોતાના જીવના કલ્યાણ માટે જ કરવો, પણ કોઈ પદાર્થ મેળવવાની ઈચ્છા રાખી ન કરવો. જેને પોતાના કલ્યાણની ઈચ્છા હોય તેણે પોતાનો દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવારએ સર્વને ભગવાનની સેવામાં જોડી દેવાં. પુરુષ પ્રયત્ન છે તે જ કલ્યાણને અર્થે સર્વ સાધન થકી મોટું સાધન છે. મહારાજે તો કલ્યાણનું સદાવ્રત ખોલ્યું હતું :

''જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ.''



# નવલખે શ્રી નીલકંઠવર્ણી

અભય શ્રી નીલકંઠવર્ણી કામાક્ષીમાં પીબેકનો પરાજય કરી પછી નવલખા પર્વત તરફ જવા પ્રયાણ કર્યું. ત્યાં કોઈથી જઈ શકાતું નહીં. ત્યાંના રાજાનો પહેરો હતો કોઈ જાય તો પાછું આવતું નહીં. એકાદ કોશ લાકડા કાપવા વાળા જતાં અને પાછા આવતા રહેતા અને નવલખા પર્વતની આગળ મોટા જંગલમાં મોટા હાથીઓ અને અસંખ્ય સિંહો રહેતા. ત્યાં કોઈ જતું નહી, જવા પણ દેવામાં આવતું નહીં. તેથી નિર્ભય નીલકંઠ ગાયોના ધણમાં ભળી જઈ અને વનમાં પેઠા. નીલકંઠને પરિચિત હોય કે અપરિચિત તેનાથી કોઈથી ડરતા નહીં. પોષ મહિનાની પૂનમની રાત અજવાળી અને ઘણી ઉજળી હતી તે રાતે નવલખા પર્વતે પહોંચ્યા.

ત્યાં શ્રી નીલકંઠવર્ણીએ ઘણી જ આશ્ચર્યકારી બાબતો જોઈ અને જાણી તેમજ નવલાખ સિધ્ધોને મળ્યા. નવલખા પર્વત પાસેથી જે ચતુર હતો તે મૂર્તિમાન પ્રગટ શ્રીહરિ પાસે આવે છે અને સિધ્ધનું રૂપ ધરી રહેલો તે નવલખો પર્વત શ્રીહરિના ચરણોમાં પડ્યો અને બોલ્યો કે મને કૃતાર્થ કરવા માટે આપ અહીં પધાર્યા છો. સાથે બીજા સિધ્ધો મૂર્તિમાન થઈને આવ્યા તેઓએ શ્રીહરિના દર્શન કરી સાથે લાવેલ ફળ, ફુલ, મેવા વગેરે શ્રીહરિને ધર્યા. શ્રીહરિ તે જમ્યા જે પર્વતની ગુફામાં રહેતા હતા તે સિધ્ધો પણ ત્યા શ્રીહરિ સન્મુખ આવ્યા અને દર્શન કર્યા.

શ્રીહરિએ પર્વતને કહ્યું કે નવલખા પર્વતની અકલ્પ કળાઓ જોવામાં ઘણી જ આશ્ચર્ય કારી લાગે છે અને પર્વતને કહ્યું કે તમારી માયાને અમો કળી શક્યા સમજી શક્યા નથી. આમ મનુષ્ય ચરિત્ર વચન બોલ્યા તમો કોણ છો ? આ સિધ્ધો કોણ છે ? રાતમાં જ સિધ્ધો કેમ જણાય છે દિવસે જણાતા નથી. રાત્રે અગ્નિ ઠેક ઠેકાણે શાથી દેખાય છે ? અને પાછો અગ્નિ દિવસે કેમ જણાતો નથી. આવુ પૂછ્યુ જેથી નવલખો પર્વત જે મૂર્તિમાન સામે ઊભો હતો તેણે મસ્તક નમાવી હાથ જોડીને કહ્યું કે હે હરિ ! આપ બધું જ જાણો છો છતાં બધું જ કહું છું. હે હરિ અહિ નવલાખ સિધ્ધો રહે છે તેના આશ્રમો પણ છે તેના પ્રતાપથી હું જેટલા પર્વતો છે તેમાં પૂજ્ય ગણાવ છું. અહીં એક એક વેંતના વર્તુળાકારે અને અને એક એક ગજ ઊંડા બધા કુંડ છે તેમા તેઓને પ્રતાપ રહ્યો છે. દિવસે તેમાંથી પાણી વહે છે. રાતે

તેમાંથી અગ્નિ નીકળે છે. અને અગ્નિની સાથે જેમ આકાશમાં વાદળા થાય તેમ સિધ્ધો પ્રગટ થાય છે. જેમ વાદળા થાય અને વિખરાય જાય તેમ સિધ્ધોમાં થાય છે. ગુફાઓમાં સિધ્ધો રહે છે તે જુદા છે. તે બધા બોલતા ચાલતા હોય છે. તેમાં પણ જે સિધ્ધ હોય તે જ બીજા સિધ્ધને દેખે છે અને બીજો કોઈ તેને દેખી શકતો નથી. અને અહીંયા આ ભૂમિ ઉપર સિધ્ધો સિવાય બીજો કોઈ તેને દેખી શકતો નથી. અને ભૂલમાં કોઈ આવે તો તે પાછો જાતો નથી. આપતો ભારે સમર્થ પરમેશ્વર છો. આપની ગતિ સ્થિતિ સહુથી ન્યારી છે અને અલગ રીતનીજ છે.

પછી બધા જ યોગીઓ શ્રીહરિની પાસે બેઠા શ્રીહરિ તે સિધ્ધોને અભ્યાસ પૂછવા લાગ્યા ત્યારે તે બધા જ યોગીઓએ વૃતાંત કહ્યુ અને જે યોગાભ્યાસ કરતા હતા તે કહ્યું. તે સાંભળી શ્રીહરિ ઘણાં જ પ્રસન્ન થયા. તેમજ તે સહુની આ શક્તિને ટાળી નાખી. અને કહ્યું પ્રગટ સ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાન છે જેને વૃન્દાવન વિહારી કહેવાય છે. ભગવાનની સ્મૃતિ સિવાય એક પણ શ્વાસ લેવો નહીં. શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરવું એજ યોગાભ્યાસનું ફળ છે, ફળ વિના કોઈ વૃક્ષપણ શોભતું નથી. તે બધા જ સિધ્ધો દીર્ઘાયુષ્ય માટે સાધના કરતા હતા તે બધું કહ્યું. શ્રીહરિએ કહ્યું એક કલ્પપર્યંત જીવી શકાય એવી દેહના દીર્ઘાયુષ્યની સિધ્ધિ મળી હોય તો પણ તેનું વિશેષ ફળ શું ? તેનું કોઈ ખાસ ફળ નથી માત્ર શરીર લાંબા વખત સુધી ટક્યું તે દેહ દીર્ઘજીવી થાય કે ન થાય તેની સામે જોવાનું નથી. જે આત્મદર્શી હોય તે જ યોગી કહેવાય. દેહદર્શી જે દેહના માટે દાખડો કરો છો તે ભોગી કહેવાય એ અસફળતા કહેવાય. અને સત્સંગીના દિનપ્રતિદિન અજ્ઞાન તો વધતું જાય છે. એટલા માટે મોક્ષ ભાગી વિચક્ષણ સાધકે સત્સંગ અવશ્ય કરવો જોઈએ.

શ્રીહરિ કહે મોક્ષ એટલે સિધ્ધોને અને નવલખા પર્વતને કહે છે, છુટવું કોઈ પણ વિપરીત પરિસ્થિતિ ટળે તેને મોક્ષ કહી શકાય આવા કહેવાતા મોક્ષ અનંત પ્રકારના છે. અને તે બધા સાધકને કલ્યાણમાં વિઘ્નરૂપ છે. નાના ખાડામાંથી નીકળી મોટા કૂવામાં પડ્યા જેવું કહેવાય. જે થોડું જીવવું નાનો ખાડો જાણવો અને જાજું જીવવું તે મોટો કૂવો જાણવો અને આવું મોટું અજ્ઞાન સત્સંગવીના સમજાતુ નથી. ભગવાનના ચરણોમાં હેત કરવું તેનાથી મોટો કોઈ મોક્ષ નથી.

પછી શ્રીહરિ નવલખા પર્વતો દરેક સિધ્ધોને હેતથી કહેવા લાગ્યા તમો તપસ્યા કરો છો તે તપસ્યાનું અધિકતમ ફળ તમોયે શું માન્યું છે ? જો તમો કહેશો કે જીવાત્માના મોક્ષ માટે તપ કરીયે છીએ. તે તે માટે એમ છે કે જેમ ઓછી બુધ્ધિનો માણસ પણ કાંઈ કામ કરતો નથી. નુકસાન પ્રાપ્ત કરવા કોઈ પ્રયત્ન કરતો નથી. આપણે જન્મ લીધો છે તે કોઈ એક પોતાનું હિત ધારીને જ લીધો છે. ઘરમાં સહુ રહ્યા છે તે કોઈનું પોતાનું હિત ધારીને રહ્યા હોય તેમજ સહુનો ત્યાગ કર્યો હોય તો પણ આપણુ હિત ધારીને કર્યો હોય. મનુષ્ય કોઈ પણ પ્રવૃત્તિ ફળની ચોક્કસ કલ્પના કર્યા વગર કરતો નથી. તેમ તમો ક્યાં ફળના લોભે કે પ્રાપ્ત કરવાનું ધારી તપસ્યા કરો છો. તે તમોએ મને કહ્યું છે તેમજ તમારા ગુરુ કોણ છે તે પણ કહો. તે સાંભળી સિધ્ધોના મનમાં અત્યંત આનંદ છવાયો અને પછી સ્નેહભાવથી કહેવા લાગ્યા.

આપ બધું જાણનારા પરમેશ્વર છો અમો બધા હઠ યોગી છીએ. હઠ યોગ સાધ્યો છે તે સિવાય બીજી કોઈ વાત ક્યારેય વિચારી નથી. આ દેહને અમર રાખવો તે અમારા સિધ્ધાંતની વાત છે છતાં આપ કહેશો તેમ અમો કરીશું. માટે આપ હેતથી હિતકારી વાત બતાવો આપ અમારા હિતને માટે જ અહીં પધાર્યા છો. આપ જે હેતથી કહેશો તે અમો પ્રેમથી કરીશું.

ત્યારે શ્રીહરિએ સિધ્ધો ઉપર અતિ હેત કરતાં કહ્યું તમો અંતર્દષ્ટિથી સ્પષ્ટ રીતે જોઈ વિચારો કે આપણા શરીરમાં કઈ એવી વસ્તુ છે જે કામ આવે મળમૂત્ર, હાડકાં, ચામડી, રૂધિર ભર્યું છે. જેનું જતન ખોટી રીતે કરી રહ્યા છો. આ શરીર ચમારનો ગંધાતો કુંડ કરતા અધિક ખરાબ છે. તમો દેહાધ્યાસી છો તમારા ગુરુ પણ દેહાધ્યાસી છે. શરીરનો જ આમ વિચાર કરો છો તેનું અત્યંત જતન કરી રહ્યા છો. તમોને તમારા ગુરુએ દેહાધ્યાસી જ કર્યા છે અમો

આત્માધ્યાસી છીએ. આત્મનિષ્ઠ છીએ તેમ શ્રીહરિએ કહ્યુ. આ દેહ છે તે જ આત્મસ્વરૂપ છે એવો અભ્યાસ તમો (નવલાખ સિધ્ધોને શ્રીહરિ કહે છે) તજી દો. આત્મા છે તેજ મારું સ્વરૂપ છે. એવો અભ્યાસ નિત્ય કરવા લાગો. આત્મસ્વયં પ્રકાશ છે. આત્મા અત્યંત અજર અમર છે અને અઘેદ્ય છે. આત્માને જે સ્વસ્વરૂપ જાણો છે તે દેહના ગુણનો ત્યાગ કરો ત્યારે તમો સર્વે પરમસુખ સ્વરૂપ શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર મારી જેમ પામી શકશો.

પછી તે વાત સર્વે સિધ્ધોએ શ્રીહરિની માની. તેમ શ્રીહરિએ કહ્યું તેમ શ્રીહરિમાં પ્રેમ રાખી કરવા લાગ્યા તે સમયથી દેહાત્મ ગ્રંથીને છોડી નાખી સ્વયંપ્રકાશ શુધ્ધ સ્વસ્વરૂપના અભ્યાસમાં બધા જોડાઈ ગયા. ત્યાંના બધા જ સિધ્ધોને શ્રીહરિએ દેહાત્માધ્યાસ હતો તો છોડાવી ભગવતસ્વરૂપનું ધ્યાન કરાવી. પછી સહુનો મોક્ષ કરવા માટેનો કોલ આપ્યો. કોઈને બદ્રીકાશ્રમમાં મોકલ્યા કોઈને સત્સંગમાં જન્મ ધરાવ્યો. બધા સિધ્ધો આશ્ચર્ય સાથે શ્રીહરિને વારંવાર વંદન કરીને ગયા પછી રાત્રે સિધ્ધો દેખાતા હતા તે બંધ થઈ ગયા. તેથી નવલખા પર્વતને કહ્યું મારો પણ હે પ્રભુ મોક્ષ થાય એવો મને વર આપો. ત્યારે શ્રીહરિએ મધુર હાસ્ય કરીને તેને ઈષ્ટ વર દીધો અને દારૂણ બંધનથી તેનો મોક્ષ કર્યા.

નવલખા પર્વતથી શ્રીહરિ પછી તત્કાળ ઉતર્યા પોતાને ઘણો જ આનંદ હતો. પછી ઉત્તર દિશા તરફ ચાલતા થયા. જે રામકોટ નામનું સ્થાન દૂરથી દેખીને તે દેશના રીત રિવાજ પૂછી લીધા. ત્યાના લોકો બહુ પૂજે છે. ઘેર ઘેર પધરાવે છે તેમ જાણી લીધા પછી તે ગામમાં ગયા નહીં. વનની શોભા પંખી પશુને વૃક્ષોને જોતા જોતા બાલવા કુંડ ગયા ત્યાં ત્રણ દિવસ રહ્યા કુંડમાં નાહેલા.

અહેવાલ :- રસિકભાઈ રા. ગોળવિયા, વેળાવદરવાળા

# સદ્‌વ્યવહાર - વર્તન

જો માણસ પોતાના આચાર, વિચાર, વાણી, વર્તન અને વ્યવહારમાં જેટલો સ્વચ્છ અને સ્પષ્ટ રહે તેટલો તે પોતે સુખી થાય છે. અને તેનાથી સમાજ પણ સુખી થાય છે.

માનવીની જ્યારે જીવન વિકાસ પ્રક્રિયા ચાલતી હોય ત્યારે સૌ સાથે સારો વ્યવહાર રાખવો જોઈએ. કારણ કે ન કરે નારાયણ અને જો કદાચ નીચે આવવાનો સમય આવે તો તે લોકો સાથે જ આપણો પનારો પડેલો હોય છે. માટે તે આપણા કામમાં આવે. જેવું વાવ્યું હશે તેવું જ ઉગશે.

સારો વ્યવહાર કરવાના ફાયદાઓ ઘણાં છે. ધન-દોલત વધે છે. માન-સન્માન મળે છે. આયુષ્યમાં વધારો થાય છે. ચારિત્ર્ય સંબંધી દોષોથી બચી શકાય છે. સારા મિત્રો, સગા સબંધીઓમાં વધારો થાય છે. દિવસ શાંતિથી પસાર થાય છે. રાત્રે સારી ગાઢ નિંદ્રા આવે છે. અને બીજા દિવસનું પ્રભાત સુખમય ઊગે છે.

તત્ત્વચિંતક કાર્લાઈલે કહ્યું છે કે "સામાન્ય મનુષ્યો સાથે કરેલા વ્યવહાર પરથી મહાપુરુષો એમની મહત્તાનો પરિચય આપે છે." માનવીનું વર્તન વાતો કરતું હોય છે.

શ્રીજી મહારાજે સત્સંગ પ્રચાર કરવા માટે પોતાની હયાતીમાં સંતોના મંડળોને અલગ અલગ સ્થળોએ વિચરણ કરવા જણાવ્યું. ત્યારે સંતોએ કહ્યું કે, હે સ્વામિન્ ! અમે ભણેલા નથી, શાસ્ત્ર જ્ઞાન જાણતા નથી તો અમે શું કરીશું ? ત્યારે મહારાજે સ્મિત વેરતાં કહ્યું કે, હે સંતો ! તમે જ્યાં પણ જશો ત્યાં સફળ થશો કારણ કે તમારું વર્તન વાતો કરશે. આ છે સદ્‌વર્તન વ્યવહારનો પ્રભાવ. શ્રીહરિએ પોતાની હયાતીમાં અઢી હજાર કરતાં વધારે સંતો કે જે સ્ત્રી અને ધનના ત્યાગી હતા, નિયમ-ધર્મમાં નિષ્ઠાવાળા હતા, તેમને તૈયાર કર્યા હતા. આજે આપણો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય કે જે જીવંત સંપ્રદાય ગણાય છે. તેની આબાદીના મૂળમાં આ નંદ પદવીના સંતોનું

યોગદાન રહેલું છે. તે તમારી અને આપણા સૌની હતી... છે.. અને રહેશે.

કપાળમાં તિલક-ચાંદલો હોય, ગળામાં કંઠી શોભતી હોય, બાહ્ય રીતે સુઘડ-સ્વચ્છ દેખાતો હોય આવા હરિભક્તનું વર્તન -વ્યવહાર તેની લોકરીતિ એવી હોવી જોઈએ કે જેમાં ‘‘શિક્ષાપત્રી’’ની ૨૧૨ આજ્ઞાઓના દર્શન થતાં હોય. આજે મારી કે તમારી ટીકા કરવાનો કોઈ પાસે સમય નથી. અને કોઈને કંઈ ટકોર કરીએ તો તે તેને ગમે પણ નહિ. માટે સૌએ પોતે પોતાના ગુરુ બનવાનો આજનો સમય છે. તેના માટે સ્વદોષ દર્શન ‘‘આત્મદર્શન’’ કરવું, તે જ એક માત્ર ઉપાય છે.

રાત્રે સૂતી વખતે ચિંતન કરવું જોઈએ કો, ‘‘આજે દિનભરના મારા વિચાર, વાણી અને વર્તનથી કોઈનું દિલ દુભાયું તો નથી ને ? અને જો કદાચ એવું થયું હોય તો બીજા દિવસે તેની માફી માંગવાથી પ્રાયશ્ચિત થઈ જાય છે. અને આપણી પ્રતિષ્ઠા બેવડાઈ જાય છે. છે ને ફાયદાની વાત. માનવીય સંબંધો ગાઢ બને છે.

આપણા સત્સંગમાં આપણું વર્તન એવું હોય કે તેને આપણે તેના સગાં ભાઈ-બહેન કરતાં પણ વધારે વહાલા લાગીએ. હવે શું કરવું ? તે ફેંસલો સૌના પોતાના હાથમાં છે.

અહેવાલ :- રમણ ગજ્જર, ભુજ

---

# ભક્તિનું વળતર

અહેવાલ :- ગોર કૃપા પ્રકાશભાઈ, ભુજ

એક ભક્તે ભગવાનની કઠોર તપશ્ચર્યા કરી ભગવાન તેના ઉપર ખૂબ પ્રસન્ન થયા. ભગવાને કહ્યું માંગે તે આપું. એવું તને વરદાન આપું છું. ભક્ત થોડીવાર માટે તો વિચારમાં પડી ગયો. પછી તેની નજર જમણા હાથ તરફ ગઈ. એ હાથ ઉપર એને કંઈક ઈજા થયેલી હતી. તેને ખૂબ જ વેદના થતી હતી. ઈજા કેમેય રૂઝાતી નહોતી. હંમેશા મનમાં થતું, હે ભગવાન કયા કર્મની સજા કરી છે. મારી વેદના દૂર કરો !

ભક્ત ભગવાનને કહે છે કે મારા આ હાથ પર ઘણી વેદના થાય છે. ભગવાન કહે, ‘તું કહે તો એ પીડા દૂર કરી દઉં. ના, ના, ભગવંત ! હું તો આપની પાસેથી એ વરદાન માંગુ છું કે મારી એ પીડા જીવનભર ઓછી ન થાય. ક્યારેય મટે નહીં ! ભગવાનને નવાઈ લાગી. ભગવાન કહે, ભક્ત, તમે બેહોશીમાં તો નથી ? પ્રભુ ! આજ સુધી બેહોશીમાં રહ્યો. પરંતુ આ પીડાને કારણે પરેશાન થયો ને અવાર નવાર તમને યાદ કર્યા. આ પીડાએ તો તમને પામવા માટે કાયમ સહન કરવી છે. જેથી પળે પળે આપનું સ્મરણ કરી શકું. આપની ભક્તિ કરવાની પ્રેરણા મને અવિરત મળ્યા કરે ! ભગવાન ભક્તની નિષ્ઠા અને ભક્તિની ઉત્કટતાથી પ્રસન્ન થયા.’

ભક્તિએ ભૌતિક સુખોની માગણી માટેનું સાધન નથી. ભક્તિનું પરિણામ ભક્તિ જ હોવું જોઈએ. જે ભક્તિનું વળતર ઝંખે તે ભક્ત શાનો ? ભક્તિને ખાતર થતી ભક્તિ જ સાચી ભક્તિ છે. આપણે જ્યારે મંદિરમાં દર્શન કરવા જઈએ અને દર્શન કર્યા બાદ ભગવાનને કહીએ છીએ, ‘‘હે ભગવાન મને આ દુઃખ છે તે દૂર કરજો. મારા ઘરમાં સુખ શાંતિ આપજો. મને પરીક્ષામાં પાસ કરી દેજો વગેરે આવા ભૌતિક સુખો રૂપી પ્રશ્નોની માંગણી કર્યા કરીએ છીએ. ક્યારેક વધારે તકલીફ હોય તો આપણે એમ પણ કહીએ કે હે ભગવાન મેં તો તારી આટલી બધી ભક્તિ કરી, સવારે મંગળામાં આવતો, માળા-પ્રદક્ષિણા કરતો, ભજન-કીર્તન કરતો પણ તું તો મારી સામે જો તો જ નથી એ ભક્તિનું વળતર કહેવાય.

આમ, આપણને ભગવાનની ભક્તિ કરવી તો એવી જેમાં કોઈ જાતની અપેક્ષા ન હોય. ભક્તિનું વળતર માત્રને માત્ર ભક્તિ જ હોઈ શકે !



# The Curse of Durvasa

Lord Shri Nar and Narayan were seated gracefully in an assembly of Rushi Munis and Haribhaktos in the divine abode of Badkrikashram. They were listening to the full report about the events happening in Bharatkhand. They described to the Lord about the cruelty, violence and the wicked behaviour that was going on. The Rushi Munis and Haribhaktos also informed the Lord of people who were not following their religious duties and their human duties.

Everyone was fully alert into the discussion, that they didn't notice Durvasa Muni arriving. As he arrived he was expecting a warm welcome. Due to the important discussion everyone was in no one realised that Durvasa Muni had arrived. He felt insulted and got very angry and gave the whole sabha a curse. "You will all be born as humans in Bharatkhand and you will all suffer the agony from the Asurs (evil people)!"

Hearing this everyone became very sad and unhappy. Dharmadev and Bhaktidevi stood up and bowed down to Durvasa Muni. With their hands folded they prayed for forgivness. Durvasa Muni started to feel sorry for them and said, "A curse can never be returned but I can add to it. Lord Nar-Narayan will take birth in Dharmadev's and Bhaktidevi's house and will protect everyone from their troubles and sufferings from the Asurs."

Everyone present in the sabha became extremely happy. Lord Nar-Narayan said "All this happened by my own wish.'

Aheval :- Arvindbhai Vekariya, East London U.K.


**શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ**

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ(સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૬૫

"શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ'' માસિક અંગેની માહિતી

ફોર્મ નં.૪(જુઓ રૂલ નં.૮)

પ્રકાશનું સ્થળ : શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ કાર્યાલય,ભુજ
પ્રકાશનની સામયિકતા : માસિક
મુદ્રકનું નામ : મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી
રાષ્ટ્રિયતા : ભારતીય
સરનામું : શ્રી સ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ રોડ, ભુજ પીન ૩૭૦૦૦૧.
તંત્રીનું નામ : શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી
જે વ્યક્તિઓ અખબારના માલિક હોય, : શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજની માલિકી.
જાતે કુલ્લ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેર હોલ્ડર્શ હોય, તેમના નામ સરનામા.

આથી અમો જાહેર કરીએ છીએ કે, ઉપર જણાવેલ વિગતો અમારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧-૩-૨૦૧૫ શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાદસજી (તંત્રી)

# ઘાત આઘાત પ્રત્યાઘાતને આત્મઘાતનું ઈન્સ્યોરન....!!

અહેવાલ :- હિમ્મતભાઈ ઠક્કર - 'રઘુવંશી'

શિક્ષાપત્રી શ્લોક ૧૪માનો ભાવાર્થ :-

શિક્ષાપત્રીનો ૧૪મો શ્લોક જગતના પ્રત્યેક માનવને માર્ગદર્શન આપે છે કે મનુષ્ય દેહનો ઘાત કરનાર મહા પાપી છે. ચોર્યાશી લાખ યોનીઓની આ જીવ સૃષ્ટિમાં માનવયોની સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમને પરમાત્માની અંતિમ રચના છે. આ મનુષ્ય દેહ જ એવો છે જે દ્વારા માનવ ધર્મ, અર્થ અને કામને મોક્ષ એમ ચારેય પુરુષાર્થ સિધ્ધ કરી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

માનવ છીએને ક્યારેય પણ કોઈ અયોગ્ય આચરણ થઈ જાય, તે થકી મૂંઝાઈને પણ આત્મઘાત ન કરવો ને, ઝેર ખાઈને તથા ગળે ટૂંપો ખાઈને ને કૂવે પડીને તથા પર્વત પરથી પડીને આવું કુકર્મ કરવાનો શિક્ષાપત્રી નિષેધ કરે છે.

મૂર્ખાઓમાં પણ બેતાજ બાદશાહ જેવા બુદ્ધિશાળીઓએ કહેવત પ્રચલિત કરી છે, તીર્થમાં આપઘાત કરોને મોક્ષ પામો. સુરતનું જમણને કાશીનું મરણ..! જીવન દેનાર ને હરનાર તો માત્ર એકના એક પરમાત્મા જ છે. તો ખુદનો જ આત્મઘાત કરનારા આપણે છીએ કોણ ?

સહજાનંદ સ્વામી મહારાજ આ ચૌદમાં શ્લોકમાં એજ તો સમજાવે છે ને... ચાલો, સમજાય તો પ્રયત્ન કરીએ.

''એ કલિયુગી કુબુદ્ધિવાસી,કાં કરો બદનામ પવિત્ર કાશી ?
મનખાની ના ઉડાવો હાંસી ! ષડક્ષરી મંત્રના જાપ જપી;
ઉઠાવો શિક્ષાપત્રીની છત્રી, થઈ પૂર્ણ આશ્રિત બનો મોક્ષયાત્રી.''

ધર્માચરણને અતિ સરળનો સહજ જણાવતાં તેઓ પ્રબોધે છે કે, કળિયુગમાં પરાશર ઋષિના બતાવેલા જે ધર્મો છે એ અતિ સુખકારી છે. બાકી ગૌતમ આદિ પ્રાચીન ઋષિઓના બતાવેલા ધર્મો તો સતયુગ, ત્રેતા ને દ્વાપર માટે અનુકૂળ હતા. કળિયુગમાં એ અનુકૂળ નથી. સહજાનંદ સ્વામીનું આ સ્પષ્ટ માર્ગદર્શન છે.

કળિયુગમાં આજે સામાજિક આર્થિક કૌટુંબિક, શારીરિક, રાજકીય ઈત્યાદિ અનેકાનેક વિકૃત પરિસ્થિતિઓ બિચારા ષડરિપુઓના માર્યા માનવને કર્મોની ખાંડણીમાં ખાંડીખાંડી પીસી પીસીને તેનો ચુરમો બનાવી રહી છે તેમાંથી જાન છોડાવવા અતિ લાંબું જીવન જીવતા દુશ્ચિકિત્સૈ : એટલે કે અસાધ્ય મહાભયંકર રોગી, અતિવૃધ્ધ અકાજને નિરાધાર સમાજથી ધુતકરાયેલ શું કરે, ક્યાં જાય , કોને કહેને, કેમ-ક્યારે મરે ?ની રાહ જોતા યેનકેન પ્રકારેણ મરી છૂટવા 'મર્સી કિલિંગ' દયારાખીને કાયદાકીય મૃત્યુ માટે સુપ્રિમ કોર્ટ સુધી ઘા નાખે છે... ! સમાજમાં તેના માટે આંદોલનો ચાલે છે ત્યારે ને અત્યારે જ આ શિક્ષાપત્રીના જન્મ, પૂર્વજન્મને પુનર્જન્મને સાંકળતા અનંત જન્મોના કર્મોના ભોગવટાને આ જ જન્મે સત્સંગને સહારે ભોગવી છૂટવાની અદ્‌ભુત અને અકલ્પ્ય મનોબળ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને તેમની શિક્ષાપત્રી પૂરું પાડી રહી છે.

જે મર્સી કિલિંગ માટે તડપતા દુઃખિયારા જીવે જિંદગીમાં ક્યારેય શ્રીમદ્ ભગવત ગીતાજીને ન વાંચ્યા હોય, ન સાંભળ્યા હોય તેની પથારી પાસે ગીતા પઠન તેને કેમ ગુણ કરે ? પણ જો દરરોજ, નિયમિતપણે, શ્રધ્ધાપૂર્વક જે સત્સંગી શિક્ષાપત્રીના ઘુંટડે ઘુંટડે અમી પીધાં હોય તેને જ અકાળ મૃત્યુમાંથી ખુદ પરમાત્માજ ઉગારી લે છે ને તેને મર્સી કિલિંગની ચિચિયારી ભરી માંગ સુધી પહોંચવા નથી દેતી.

જો જીવને આ સાદું સીધું સમજાઈ જાય કે મને ઈશ્વરે કર્મો ભોગવવા આ કર્મભૂમિ સંસારમાં મોકલ્યો છે ને તેણે મારું મૃત્યુ ક્યાં, કેમને કેવી રીતે ગોઠવેલું જ છે તો તે જીવ કદી પણ આત્મઘાત કરવા ન તો આકળ વિકળતા ભોગવશે કે ન તો મર્સી કિલિંગના આંદોલન કરાવશે ....! બાકી તો,

''પૂર્ણ સમર્પિત સત્સંગીની, મસ્તી આજીવન આબાદ છે.
વિતંડાવાદી કુકર્મઠ આભાગીઆની, અનંત જન્મોની યાત્રાય બરબાદ છે !!!

# નરસિંહ મહેતા

અહેવાલ :- ધરમશીભાઈ દેવશી ભગત, રવાપર હાલે ત્રિવેન્દ્રમ



જેમ જુનાગઢમાં એક નરસિંહ મહેતા થઈ ગયા. જેના ભજનો ખૂબ પ્રખ્યાત છે. 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે', 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા' આદિ બીજા એક નરસિંહ મહેતા આપણા સંપ્રદાયમાં થયા. પીપલાણાના ઉનેવાળ બ્રાહ્મણ નરસિંહ મહેતા થયા. વર્ણી વિચરણ કરતા પીપલાણે નરસિંહ મહેતાને ઘેર પધારેલા. મહેતાજી સવારમાં પૂજામાં બેઠેલાને ગીતાનો પાઠ કરતા હતા. શ્રીહરિ તેના આંગણે ભિક્ષાં દેહી કહીને ઊભા રહ્યા. મહેતાજીનો પુત્ર કલ્યાણજી કહે બાવાજી અત્યારે રસોઈ તૈયાર નથી તમે થોડી વાર બેસો તો રસોઈ તૈયાર થઈ જાશે. શ્રીહરિ કહે અમારે ઉતાવળ છે બીજે યાત્રા કરવા જવું છે. કલ્યાણજી કહે બાવાજી તમારે કલ્યાણનો જો ખપ હોય તો બીજે જવાનું માંડી વાળોને સીધા લોજ ગામે જાવ ત્યાં મુક્તાનંદ આદિ ઘણા સાધુ રહે છે જે જ્ઞાન વૈરાગ્યે પુરા છે. તેના સમાગમથી જરૂર કલ્યાણ થશે. તેવામાં મહેતાજી જે શાલિગ્રામની પૂજા કરતા હતા તેમાંથી તેજ પ્રગટ્યું ને બહાર જઈ શ્રીહરિમાં લીન થઈ ગયું. મહેતાજી આશ્ચર્ય પામી બહાર આવ્યાને પૂછ્યું બેટા કોણ હતા એ ? જવા કેમ દીધા ? એ સામાન્ય મનુષ્ય નથી ચાલ શોધી લાવીએ. ઉતાવળે જઈ વર્ણીને પાછા બોલાવી આવ્યા. આસન આપ્યું ને થાળ જમાડવાની તૈયારીમાં લાગી ગયા. વર્ણી કહે, મોડું થશે થાળ બનાવશો નહિ જે હાજર હોય તે લાવો. ઘરમાં હતું તે દૂધ અને જુવાર જમી વર્ણી નીકળી ગયા. મહેતાજી વિચારના વમળે ચડ્યા. રામાનંદ સ્વામીએ કહ્યું હતું 'હું ડુગડુગી વગાડનાર છું પ્રભુ પાછળથી આવી મળશે' તે આતો નહિ હોય ને.

નરસિંહ મહેતા પૂર્વભવના મહામુક્ત આત્મા હતા. પ્રભુને મળવા ખૂબ તીર્થાટન કરી હતાશ થઈ ગયેલા. છેવટે થાકીને ઘરબારનો ત્યાગ કરી ગિરનાર ઉપર ગયા. ત્યાં ભેખધારી બહુ મળશે. ભેખમાં જરૂર ભગવાન મળશે તેમ છતાં પણ જો પ્રભુ નહિ મળે તો દેહનો ત્યાગ કરીશ. ગિરનાર ઉપરથી દેહ પાડી નાખવા તૈયાર થયા ત્યાં આકાશવાણી થઈ મહેતાજી ચિંતા ન કરો મરવાની કોઈ જરૂર નથી. ભગવાન તમારે આંગણે ઘર પૂછતા આવશે ત્યારે સમયને ઓળખી સેવાભક્તિ કરી લેજો. મહેતાજી વર્ણીને આખા ગામ સુધી વળાવવા ગયેલા. વર્ણીએ મહેતાજીને દશ અવતારોના દર્શન કરાવ્યા જે પાછા શ્રીહરિમાં લીન થતાં જોયાં.

# બાળ વિહાર

અહેવાલ :- વસંત કરસનભાઈ પોકાર
- ઘડાણી હાલે ભાલેજ

હિમાલયની તળેટીનું ઘનઘોર જંગલ છે. એક વૃક્ષની નીચે કેટલાક બાવાઓ બેઠા છે. બેઠા બેઠા વિચાર કરે છે કે આ ઘનઘોર જંગલમાં આપણે કેવી રીતે જશું ?

બાવાઓનો આગેવાન વચમાં બેઠો છે. તે કહે છે, ''બધા એકબીજાની સાથે રહેજો. કોઈ છૂટાં પડતા નહિ ?છૂટા પડ્યા તો અહીં જંગલી જાનવર ફાડી ખાશે.'' બાવાઓ આ સાંભળી ફફડે છે.

એટલામાં અગિયાર બાર વર્ષનો છોકરો તે રસ્તે થઈને જતો દેખાયો. પગમાં પગરખા નથી, પાસે ઓઠણ-પાથરણ નથી, એકલો એકલો આવા જંગલમાં એ ક્યાં જતો હશે ?

બાવાઓએ એને બૂમ પાડી, ''એ બ્રહ્મચારી ? એ વર્ણી ? આવા ઘોર વનમાં એકલો જઈશ નહીં. અમારા ભેગો આવી જા.''

વર્ણી એટલે બ્રહ્મચારી બાળા જોગી એ હતા આપણા શ્રી ઘનશ્યામ. એણે જવાબ દીધો, ''એકલા જવા માટે ઘરબાર છોડ્યા છે અમને કોઈની બીક લાગતી નથી. બાવાઓના આગેવાને કહ્યું, તે તો અમારી સાથે પણ છે. પણ જંગલી જાનવરોની તમને બીક નથી લાગતી ?'' શ્રી ઘનશ્યામે જવાબ આપ્યો, ''અમને કોઈની બીક લાગતી નથી.''

આવો જવાબ સાંભળીને બાવાઓએ કહ્યું, ''વર્ણી એમ કરો તમે અમારી સાથે નહીં, પણ અમે તમારી સાથે આવીએ ! ભગવાન શિવ હળાહળ ઝેર પી ગયાને નીલકંઠ બન્યા. તેમ તમે ભયને પી ગયા છો. તમે અમારા નીલકંઠ વર્ણી !'' ઘનશ્યામ હવે નીલકંઠ વર્ણી કહેવાયા. બધા બાવાઓ એમની પાછળ ચાલ્યા.

એમ કરતાં રાત પડી. જંગલની અંદર થોડી ખુલ્લી જગા હતી. એક મોટું વૃક્ષ હતું. તે વૃક્ષ નીચે સૌએ રાત પસાર કરવાનું નક્કી કર્યું. બાવાઓએ ઝાડની ડાળીઓમાં પછેડી બાંધી, ઘોડીયા જેવું બનાવ્યું. રાતે ઝાડ પર ચડી એ ઘોડીયામાં સૂતા.

નીલકંઠ તો જમીન પર જ એક મૃગચર્મ પાથરીને સુતા. બાવાઓએ કહ્યું, ''નીલકંઠ વર્ણી તમારા માટે અમે એક પછેડી બાંધી દઈએ. તમે પણ ઝાડ પર સૂઈ જાઓ !''

નીલકંઠ વર્ણીએ હસીને કહ્યું, ''ના રે હું અહીં મજામાં છું. જેની સાથે ભગવાન હોય તેને ભય ન હોય અને ભય ત્યાં ભગવાન નહિં, સમજ્યા...?'' બાવાઓ તો આ સાંભળીને આભા જ બની ગયા. કહે, ''આતો ખરેખરો નિર્ભય ! અસલ નીલકંઠ !

નીલકંઠની આ નિર્ભયતા જોઈ એક બાવામાં હિંમત આવી તે ઝાડ પરથી નીચે ઉતરી નીલકંઠની જોડે પછેડી પાથરી સૂઈ ગયો. તે બાવો બોલ્યો, ''નીલકંઠ મારી બાજુમાં જ છે પછી હું શા સારું બીઉં ?''

એટલામાં એક ઝરખ આવ્યું. નીલકંઠની પ્રદક્ષિણા કરે, નમન કરે અને ઝાડ પર સૂતેલા બાવા સામું જોઈ જીભ લબ લબ કરવા લાગ્યું. તે જોઈ બાવાઓને અડધી રાતે પરસેવો વળી ગયો. હવે તેમને સમજ પડી કે,નિર્ભય થવું હોય તો નિર્ભય નીલકંઠ વર્ણીનો આશરો લેવો જોઈએ. સૌ બીકણ ભેગા થાય તેથી એકે નિર્ભય થાય નહિં. પણ એક નિર્ભયનો આશરો લેવાથી સૌ બીકણો નિર્ભય થઈ શકે છે.''

તેમણે મનોમન નીલકંઠનો આશરો લીધો. ''હે નીલકંઠ વર્ણિ ! અમારું રક્ષણ કરો !'' આટલું બોલ્યા ત્યાં એમનામાં હિંમત આવી ગઈ. નવાઈની વાત એ બની કે તરત જ ઝરખ પણ ત્યાંથી અદૃશ્ય થઈ ગયું. સૌ ઘસઘસાટ ઊંઘી ગયા. સવાર થતાં બધાં કહે, ''વર્ણી આજથી તમે અમારા ગુરુ અમે તમારા શિષ્ય.''

નીલકંઠ કહે, ''ગુરુ થવાને મારે વાર છે. જ્યારે ગુરુ થશું ત્યારે અંતર પ્રેરણા કરી તમને બોલાવી લઈશું અત્યારે તમારે જેવા અનેકને નિર્ભય કરવા અને કલ્યાણનો કોલ આપવા અમો એકલા જ વનમાં વિચરશું.'' એમ કહી વર્ણીએ વનની વાટ લીધી.



# મંદિરમાં તમને શું દેખાય છે

અહેવાલ :- પ્રીતિ કરશન પોકાર,
ઘડાણી હાલે ભાલેજ

મંદિર એ પ્રભુનું ઘર છે. પણ ઈશ્વર કેવળ મંદિરમાં રહે એવું માનવું યથાસ્થાને તો નથી જ. પ્રભુ જગતમાં ઠેર ઠેર છવાયેલા હોવા છતાંય મંદિરની બહાર ઈશ્વર મનુષ્યને દેખાતા નથી. જેથી કરીને એ ઘણી ભુલો કરે છે. મંદિરમાં જ એ શાણો અને ડાહ્યો બને છે. અને જેવો પ્રભુદ્વારથી બહાર નીકળે છે. ત્યારે એને પ્રભુની હાજરી દેખાતી જ ન હોવાથી એ અધર્મ રૂપી કાર્યો કરવા માંડી જાય છે.

મંદિરમાં જઈને ઓ થોડો સમય શાંતિ જાળવે છે. પોતાના ક્રોધ પર કાબુ રાખે છે. મન પર સંયમ રાખે છે. ક્યારેક અપમાનનો ઘુટડો પણ પી લે છે. કારણ કે એટલું સમજે છે કે આંહિ ભગવાનની હાજરી છે. અને ભગવાનની હાજરીમાં કંઈ ખરાબ કાર્યો ન કરાય. મંદિરમાં એને ડહાપણની દાઢ ઊગે છે. પ્રભુની મૂર્તિ આગળ એ સરળ બની જાય છે. અને પછી શેતાન જેવાં કાર્યો કરવામાં અચકાતો નથી.

એ જ મનુષ્યને જો સરખી રીતનો સમજાવવામાં આવે કે જે ભગવાનનાં દર્શન કરવા મંદિરમાં જાય છે. અને જેની એ બહુ જ મર્યાદા રાખે છે. એજ ભગવાન મંદિરની બહાર પણ છે. અન્ય મનુષ્યોમાં પણ છે. અને પોતનામાં પણ મોજુદ છે. તો એનું જીવન જરૂર સુધરી જાય છે. અને ખરાબ કામ કરતાં અચકાય પણ ખરો.

જો મંદિરમાં મૂર્તિઓમાં બેઠેલો ઈશ્વર સામેના માણસમાં હોય એના પોતાનામાં હોય એ જ્યારે સ્પષ્ટ સમજશે ત્યારે એ ખોટા ઝગડા, અધર્મ પાપ કરતો બંધ થઈ જશે.

પથ્થરની મૂર્તિમાં કે પછી સોના ચાંદીની પ્રતિમાઓમાં ભગવાનના દર્શન કરતો મનુષ્ય જયારે સાચા અર્થમાં પ્રભુને દુનિયાના દરેક પદાર્થમાં જોતો થઈ જશે. અને પૃથ્વીના દરેક ખૂણામાં એ ભગવાનનાં મંદિરને નિહાળતો થઈ જશે. દરેક મનુષ્યમાં એને પ્રભુનાં સાચા દર્શન થશે. અને એ પ્રભુ સ્મરણ મય બની જશે.

એને એ સમય આવશે ત્યારે પૃથ્વી પર સ્વર્ગ ઉતરી આવશે. અને માનવ દેહ તુલ્ય બની જશે. જેનું હૃદય શુધ્ધ છે. એની જેની દૃષ્ટિ પવિત્ર છે. જેની ભાવના શુધ્ધ છે. એને સઘળુ જગત મંદિર દેખાય છે. તેને માટે આ પૃથ્વી સ્વર્ગ સમાન છે. એનું જીવન દેવતુલ્ય છે. અને સંસારમાં રહીને પણ એ સંતાત્મા બની રહે છે. એનો પરિવાર સુખ સંપન્ન બને છે. એનો વ્યવહાર શુધ્ધ બને છે. અને પ્રભુની એના પર અમી દૃષ્ટિ રહે છે.

ભગવાનના દર્શન સર્વકાળને વિષે કરવા. પ્રત્યેક માનવ શરીરમાં ભગવાનના દર્શન કરવા. પ્રત્યેક માનવ શરીરમાં હરકોઈ પદાર્થમાં ભગવાન એ જ છે. અનેક નથી પરંતુ ભગવાન પોતાની શક્તિથી જેમ મૂર્તિમાં રહ્યા છે. તેમ સર્વે પદાર્થમાં પણ રહ્યા છે. આ રીતે પરમાત્માની વ્યાપકતા જ્યારે બરોબર સમજીશું ત્યારે જેવી મંદિરમાં પરમાત્માની મર્યાદા રહે છે. એવી જ મંદિર બહાર પણ રહેશે. જેથી આપણે સર્વત્ર પાપકર્મ કરતાં અટકી જઈશું

# મોહનલાલને મેથીપાક

અહેવાલ :- શિલા ગોપાલ શિયાણી, મિરજાપર

એકાદશીનું અનુપમ વ્રત ! પરમ પાવનકારી છે. જન્મમરણના દુઃખથી ઉગારે છે. આ વ્રત મોક્ષમાર્ગીના પંથીને બળ આપનારું છે. એકાદશીના દિવસે ક્ષમા, દયા, દાન, સત્યનું આચરણ, અહિંસાનું પાલન, રસાસ્વાદનો ત્યાગ, દેહનું દમન તેમજ દશ ઈન્દ્રિયો નિગ્રહ કરી અગિયારમાં મનને વશ કરી પ્રભુનું અખંડ સ્મરણ કરવું. આમ કરવાથી એકાદશી રહ્યા કહેવાય. પણ કેટલાક લોકો અવગણે છે.

અયોધ્યામાં શ્રીહરિ વહેલા ઊઠી સરયૂ નદીમાં સ્નાન કરવા જતાં ઘેર આવતા તમામ મંદિરના દર્શન કરતા. તેમને હનુમાન ગઢીનું દર્શન અતિપ્રિય હતું. ત્યાં દરરોજ રામાયણની કે બીજું કોઈ ધાર્મિક કથા ચાલું રહેતી. ત્યાં કથાકાર પાસેથી કથા સાંભળતાં ક્યારેક શાસ્ત્ર બહાર પ્રસંગને મકમતાથી પુછતા. ત્યાં એક વૈરાગી હતા. તેમનું નામ મોહનદાસ હતું.

કથા પ્રસંગમાં એક દિવસ એકાદશીના વ્રતની વાત આવી તે સર્વોત્તમ વ્રત છે. ભક્તિની પુષ્ટિ કરે છે. અવિનાશી મળ્યાનો સરળ ઉપાય છે. તેમ છતાં કળિયુગમાં લોકો આ વ્રત કેમ કરતાં નથી ? આ પ્રમાણે શ્રીહરિએ વૈરાગીને પ્રશ્ન કર્યો. કથાકાર મોહનદાસ વૈરાગી ખુદ આ વ્રત કરતા ન હતા. તે શ્રીહરિ અંતર્યામીપણે જાણતા હતા. તેથી કથાકાર ખુલાસો કરતા કહે છે કે હે બાળક ! તુ નાનો છે અને કળિયુગમાં અન્નસમાપ્રાણ કહ્યા છે. તેથી આ વ્રત લોકો સત્તયુગમાં કરતા કળિયુગમાં તે શક્ય નથી તેથી જગન્નાથપુરીમાં એકાદશીને ઊંધી લટકાવી રાખી છે.

શ્રીહરિ પૂછે છે કે એવું ક્યાં શાસ્ત્રમાં લખ્યું છે એકાદશીને પુરુષોત્તમપુરીમાં પુરી નાંખી છે ? તે રામાયણ, ભાગવત કે પુરાણમાં ક્યાં લખ્યું છે, તે બતાવશો ? તું નાનો છે બેસી જા. આ પ્રમાણે બોલીને કથાકારે શ્રીહરિનું અપમાન કર્યું. તેટલામાં જ તેને શ્રીહરિની ઈચ્છાથી સમાધિ થઈ. સમાધિમાં જાણ્યુ કે આ પ્રશ્ન પૂછનાર કોઈ સમાન્ય બાળક નથી. પરંતુ શ્રીહરિ સ્વયં છે. પરંતુ શ્રીહરિનું અપમાન કર્યું હતું તેથી જમનાદૂતોએ કથાકાર મોહનલાલને સારો એવો મેથીપાક આપ્યો તેથી અધમૂઓ થઈ ગયો. ત્યારબાદ શ્રીહરિની ઈચ્છાથી સમાધિમાંથી જાગીને તુરત જ શ્રીહરિની માફી માંગીને શ્રીહરિના ચરણ પકડી લે છે અને હવે પછીથી આજીવન એકાદશીનું વ્રત કરવાનું કબુલ્યુ છે અને કથાના શ્રોતા વર્ગને પણ આ વ્રત અવશ્ય કરવાનો આગ્રહ કરે છે.

મોહનદાસ વૈરાગી શ્રોતા વર્ગને સમાધિની વાત કરતા કહે છે કે આ મારી સામે ઉભો રહેલો બાળક કોઈ સમાન્ય નથી, પરંતુ તે સર્વોપરી શ્રીહરિ પોતે જ છે અને મોક્ષના દાતા છે. મને સમાધિમાં જમપુરીમાં લઈ જઈને જમના દૂતો પાસે બહુ જ માર ખવડાવી અધમૂઓ કરી નાંખ્યો છે. અને જ્યારે મેં આજીવન એકાદશી વ્રત કરવાનું કબુલ્યું ત્યારે મને આ જમના દૂતોથી મુક્તિ અપાવી છે. આ વ્રતનો મહિમા ખૂબ જ છે તેથી મોટા મુક્ત બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે કે,

"કોડે કોડે એકાદશી કીજીએ રે, કોડે..
એ વ્રત કરે તે ધન્ય માનવી રે,
તે તો નાહ્યો કોટીક વાર જાહ્નવી રે,
જેણે વચન પ્રમાણે વ્રત આદર્યું રે,
તેણે કારજ પોતાનું સર્વે કર્યું રે.. કોડે..
એનો મહિમા મુનિવર ગાય છે રે,
અવિનાશી મળ્યાનો ઉપાય છે રે.... કોડે..

આ પ્રમાણે મોહનદાસે મેથીપાક ખાઈને વ્રત કરવાનું કબલ્યું છે અને શ્રોતાવર્ગને પણ અવશ્ય એકાદશી કરવીએવી ભલામણ કરે છે. તેથી આપણે તેમાંથી બોધપાઠ લઈ એકાદશીનો મહિમા સમજીને જો એકાદશી કરીશું તો આ લોકમાં મુક્તિ અને પરલોકમાં મુક્તિ બન્નેની પ્રાપ્તિ થશે.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## મહા સુદ ૧૧ એકાદશીના દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. કપિલભાઈ ચંદુલાલ રાબડીયા ધ.પ. રશ્મિતા - માંડવી હાલે લંડન
- પ.ભ. નારાણભાઈ પરબત હિરાણી - ફોટડી હાલે નૈરોબી
- પ.ભ. ભક્તિબેન અરવિંદભાઈ ઠક્કર - ભુજ
- પ.ભ. જે. કે. ઠક્કર (એડવોકેટ) - ભુજ
- પ.ભ. મનોજભાઈ પ્રેમજી ગોંડલીયા - મીરજાપર
- પ.ભ. નવનીતભાઈ વિશ્રામ ગાજીપરા હ. સાં.યો. નીતાબાઈ - નારણપર
- પ.ભ. કાનજીભાઈ અરજણ કેરાઈ - નારણપર
- પ.ભ. શાંતાબેન રામજી દબાસીયા - માનકુવા
- પ.ભ. ભીમજીભાઈ શીવજી ગોરસીયા - રામપર
- પ.ભ. ગોપાલભાઈ કરસન મેપાણી ધ.પ. દેવુબેન - સુખપર
- પ.ભ. હર્ષિદભાઈ ધનજી રાબડીયાના જન્મ નિમિત્તે હ. સાં.યો. નીતેબેનની પ્રેરણાથી - નૈરોબી
- પ.ભ. જયશ્રીબેન ભરતભાઈ હાલાઈ હ. સાં.યો. નીતાબેનની પ્રેરણાથી - માંડવી
- પ.ભ. રતનબેન માવજી જેઠા વરસાણી - સુખપર
- પ.ભ. પ્રેમજીભાઈ રવજી શીયાણી - સુખપર
- પ.ભ. નારણભાઈ શીવજી વેકરીયા તથા રાધાબાઈ નારણ તથા લાલજી જયેશ - બળદીયા
- પ.ભ. અ.નિ. શામબાઈ ધનજી શીયાણી હ. કાનબાઈ શીવજી - માનકુવા
- સાં.યો. શામબાઈ દેવશી વરસાણી હ. સ્વામી ન્યાલકરણદાસજી - સુખપર
- પ.ભ. ગોવિંદભાઈ ખીમજી કેરાઈ હ. સાં.યો. નીતાબેનની પ્રેરણાથી - વાડાસર
- પ.ભ. વેલજીભાઈ કાનજી કેરાઈ - વેકરા
- પ.ભ. મનસુખભાઈ વિશ્રામ ભુવા - સુખપર
- પ.ભ. દિપકભાઈ વાલજી કેરાઈ - સુરજપર
- પ.ભ. દિપાબેન હીરજી વરસાણી - સામત્રા
- પ.ભ. હિતેશભાઈ કુંવરજી વરસાણી હ. વાલજી શીવજી વેલાણી - સામત્રા
- પ.ભ. ટ્વીંકલબેન કલ્યાણ હિરાણી - રામપર
- પ.ભ. જેન્તીલાલભાઈ ચત્રભુજ ઠક્કર - ભુજ
- પ.ભ. અ.નિ. નારણભાઈ મનજી જેસાણીના સ્મરણાર્થે હ. તેજશ રમેશ જેસાણી તથા રમેશ નારણ જેસાણી - બળદીયા હાલે લંડન
- પ.ભ. જશવીબેન વિજેશ પિંડોરીયા તથા મુક્તિ વિજેશ પિંડોરીયા હ. હરજી શીવજી પિંડોરીયા - નારણપર
- પ.ભ. કાનબાઈ કાનજી ભુડીયા - નરનારાયણનગર
- પ.ભ. અમરબાઈ મનજી ભુડીયા - નરનારાયણનગર
- પ.ભ. હેતભાઈ ભરત ભુડીયા - ફોટડી
- પ.ભ. માવજીભાઈ વેલજી રાબડીયા - સુખપર
- પ.ભ. રીંકુબેન દેવશી પાંચાણી - સુખપર
- પ.ભ. રમેશભાઈ વાલજી વેકરીયા - રામપર
- પ.ભ. હેમાબેન હેમલ પિંડોરીયા હ. દેવશીભાઈ હીરાણી - સામત્રા
- પ.ભ. દિનેશભાઈ હરજી કેરાઈ હ. દેવશીભાઈ હિરાણી - માધાપર
- પ.ભ. મુકેશભાઈ વેલજી રાબડીયા - માંડવી
- અ.નિ. સાં.યો. લીરબાઈ ફઈની પુણ્યસ્મૃતિમાં હ. સાં.યો. શામબાઈ રવજી અરજણ વેકરીયા - નારણપર ની.વા.
- પ.ભ. મનજીભાઈ શામજી સેંઘાણી ધ.પ. લાલબાઈ - નારણપર ની.વા.
- પ.ભ. અશ્વિનભાઈ મનજી વેકરીયા - બળદીયા
- પ.ભ. હિતેશભાઈ કરસન વેકરીયા સહપરિવાર - બળદીયા

પ.ભ. સેજલબેન હરજી હિરાણી - સામત્રા

- પ.ભ. અરજણભાઈ રામજી પિંડોરીયા - સરલી
- પ.ભ. ગોપાલભાઈ હરજી શીયાણી - મીરજાપર
- પ.ભ. દક્ષાબેન નારણ હાલાઈ - મેઘપર
- પ.ભ. સ્મિતભાઈ રાજેશ વેકરીયા - હરિપર
- પ.ભ. કરસનભાઈ રવજી પિંડોરીયા - માંડવી
- પ.ભ. દિનેશભાઈ દેવશી હાલાઈ હ. સાં.યો. નાનબાઈ કરસન - કેરા
- પ.ભ. કાન્તાબેન કુંવરજી વેકરીયા હ. વેકરીયા દિપેશ કુંવરજી - નારણપર
- પ.ભ. સવિતાબેન પ્રવિણ જોધાણી હ. પ્રવિણ વિશ્રામ જોધાણી - માનકુવા
- પ.ભ. લક્ષ્મણભાઈ ખીમજી પિંડોરીયા - દહીંસરા
- પ.ભ. હેતલબેન માધવજી કેરાઈ - મીરજાપર
- પ.ભ. સોનલબેન માવજી ભંડેરીના લગ્ન પ્રસંગે - મીરજાપર
- પ.ભ. રવજીભાઈ ધનજી પ્રેમજી હાલાઈ - માધાપર હાલે લંડન
- પ.ભ. લક્ષભાઈ દિપક વેકરીયા - મીરજાપર
- પ.ભ. વિન્યભાઈ ભીખુભાઈ પટેલ (અમેરીકાવાળા)-લાખણપર(નવસારી) હાલે અમેરિકા
- પ.ભ. કલ્યાણભાઈ શામજી હીરાણી - ભક્તિનગર
- પ.ભ. મનિષાબેન રામજી કેરાઈ તથા હરેશકુમાર રામજી કેરાઈના લગ્ન પ્રસંગે હ. રામજી મુળજી - પિયાવા માંડવી
- પ.ભ. લાલજીભાઈ રત્ના ભુડીયા - ફોટડી હાલે મોમ્બાસા
- પ.ભ. ખીમજીભાઈ કરસન ભુડીયા - ફોટડી
- પ.ભ. રાધાબેન નારણ વેકરીયા હ. શામજી નારણ વેકરીયા - સુખપર
- પ.ભ. નારણભાઈ રત્ના કેરાઈ હરિક્રિષ્ના મિનરલ - નારણપર
- પ.ભ. શામજીભાઈ પ્રેમજી વરસાણી હ. સાં.યો. નાનબાઈ કરસન - કેરા
- પ.ભ. રાધાબાઈ શામજી રામજી કેરાઈ હ. સાં.યો. નાનબાઈ કરસન - કેરા
- પ.ભ. કાનજી જાદવા વરસાણી - નારણપર ની.વા. હાલે નૈરોબી
- પ.ભ. રીનાબેન જીજ્ઞેશ વરસાણી - ભારાસર
- પ.ભ. રામબાઈ વેલજી હિરાણી - બળદીયા
- પ.ભ. નારણભાઈ હીરજી હાલાઈ હ. મહંત સાં.યો. શ્યામબાઈની પ્રેરણાથી - ભુજ
- પ.ભ. ઉત્તમભાઈ નારણ મેપાણીના જન્મદિવસ નિમિત્તે હ. મહંત સાં.યો. શ્યામબાઈની પ્રેરણાથી - નરનારાયણનગર
- પ.ભ. રમેશભાઈ પરબત હિરાણી - નારણપર ની.વાસ.
- પ.ભ. અરજણભાઈ હરજી સેંઘાણી હ. સાં.યો. નીતાબેન - નારણપર
- શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ - મસ્તક હ. સ.ગુ. સ્વામી લક્ષ્મમજીવનદાસજી - મસ્કત
- પ.ભ. કેશરબેન નારણ રામજી વેકરીયા - બળદીયા ની.વા.
- પ.ભ. કૃતિબેન રવિશકુમાર ભાવસાર - અમદાવાદ હાલે અમેરીકા
- પ.ભ. અમરબાઈ જાદવા પિંડોરીયા - નારણપર ની.વા.
- પ.ભ. અક્ષયભાઈ હીરજી હિરાણી હ. મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી - માનકુવા
- મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી સાં.યો. સીતાબાઈ શીવજી ગોરસીયા - ભુજ
- મહંત સાં.યો. શામબાઈ ફઈની પ્રેરણાથી સાં.યો.મંજુબાઈ વાલજી કેરાઈ - ભુજ
- પ.ભ. પુરબાઈ ધનજી હાલાઈ હ. લીલાધર ધનજી હાલાઈ - સુરજપર
- પ.ભ. ભાવનાબાઈ બાલાભાઈ ગામી હ. મહંત સાં.યો. શામબાઈફઈની પ્રેરણાથી - રાપર
- પ.ભ. મનનભાઈ કાંતિ હાલાઈ તથા સુપુત્રી સુનિતી કાન્તિ હાલાઈની માનતા નિમિત્તે હ. કાન્તિ નારણ હાલાઈ - મેઘપર હાલે કાર્ડિફ
- પ.ભ. અ.નિ. રામજીભાઈ ડુંગરશી વરસાણી તથા અ.નિ. ગાંગજી રામજી વરસાણી હ. સ્વામી ન્યાલકરણદાસજી - સુખપર

પ.ભ. ગં.સ્વ. દેવબાઈ કાનજી હીરાણી સુપુત્ર હિરેન કાનજી હીરાણી - મીરજાપર
- પ.ભ. મુકેશભાઈ શીવજી હિરાણી હ. કુંવરજી હરજી પિંડોરીયા - ફોટડી
- સાં.યો. રસીલાબાઈ નારણ કેરાઈ હ.પ.ભ. નારણભાઈ ભીમજી કેરાઈ - નારણપર ની.વા.
- પ.ભ. રાજેશભાઈ વાલજી હીરાણી - ભારાસર
- પ.ભ. જયસુખભાઈ પરબત હીરાણી હ. ચંદ્રિકા જયસુખ - મીરજાપર
- પ.ભ. ઈલાબેન દવે - ભુજ

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર યજમાનશ્રીઓ

- પ.ભ. અ.નિ. દિનેશભાઈ દેવશી વેકરીયા હ. ધ.પ. રતનબાઈ દિનેશ વેકરીયા - મદનપુર
- પ.ભ. રાધાબાઈ શામજી રામજી હ. સાં.યો. નાનબાઈ કરસન - કેરા
- પ.ભ. નારણભાઈ અરજણ વરસાણી તરફથી સુપુત્ર શ્યામના જન્મદિવસ નિમિત્તે - મદનપુર
- પ.ભ. અ.નિ. નાનજીભાઈ રામજી હિરાણીના મોક્ષાર્થે હ. રતનબાઈ નાનજી હિરાણી હ. ધનજીભાઈ - મેઘપર હાલે લંડન
- પ.ભ. વિશ્રામભાઈ પ્રેમજી જોધાણી પરિવાર - ભક્તિનગર
- પ.ભ. રામબાઈ વિશ્રામ જોધાણી હ. શીવજીભાઈ - ભક્તિનગર
- પ.ભ. અ.નિ. હિનાબેન બાબુલાલ હીરાણી હ. બાબુલાલ મનજી - મદનપુર
- પ.ભ. અ.નિ. મનજીભાઈ કાનજીભાઈ આશાણી હ. ધ.પ. ગં.સ્વ. વાલબાઈ - માંડવી

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે શ્રીહરિકૃષ્ણ મહારાજના ૧૪૮મા પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરાઈ

**તા. ૨૦-૨-૧૫ના પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે દેવોનો અભિષેક**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીનરનારાયણદેવની બાજુમાં બિરાજતા શ્રી હરિકૃષ્ણ મહારાજને વિ.સંવત ૧૯૨૩ના ફાગણ સુદ-૨ના આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે પોતાના વરદ્ હસ્તે પધરાવ્યા હતા. આ શ્રી હરિકૃષ્ણ મહારાજના ૧૪૮મા વાર્ષિક પાટોત્સવ તા. ૨૦-૨-૨૦૧૫, શુક્રવારના આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે દૂધ, દહીં, ઘી, મધ, સાકર, કેશર સાથેના પંચામૃતથી અભિષેક તથા બ્રાહ્મણો દ્વારા પૂજન કરવામાં આવ્યું. ત્યારબાદ બધા દેવોને ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

મહોત્સવ અંતર્ગત તા. ૧૬-૨ સોમવારથી ૨૦-૨-૧૫ શુક્રવાર સુધી સવાર તેમજ બપોર એમ બન્ને સમય શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી આનંદસ્વરૂપદાસજી તથા શા. સ્વામી હરિમુકુન્દદાસજીના વક્તાપદે શ્રીમદ્ નિષ્કુળાનંદ કાવ્ય પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પારાયણના મુખ્ય યજમાન ગામ સુખપરના પ.ભ. માવજીભાઈ હરજી વરસાણી (ભગત) સહપરિવાર તથા સહયજમાન તરીકે પ.ભ. ભુપેન્દ્રભાઈ માવજી ઠક્કર પરિવાર રહ્યા હતા. કથા પારાયણમાં સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજી તથા તબલાવાદક સ્વામી નિલકંઠસ્વરૂપદાસજીએ સંગીતમય સાથ આપ્યો હતો. દરરોજ ભુજ તેમજ ગામેગામના હરિભક્તોએ પધારીને કથાશ્રવણનો અલભ્ય લાભ લીધો હતો. કથા દરમ્યાન પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મહંત સ્વામી તથા અન્ય વડીલ સંતોના આશીર્વાદાત્મક ઉદ્બોધનનો લાભ પણ સૌને મળ્યો હતો.

મહોત્સવનું સભા સંચાલન શા. સ્વામી ઉત્તમચરણદાસજીએ સંભાળ્યું હતું. આ સમગ્ર આયોજનમાં ભુજ મંદિરના મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગતની પ્રેરણાથી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, સ્વામી જગજીવનદાસજી, સ્વામી નિલકંઠચરણદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી ધર્મસ્વરૂપદાસજી આદિ સંતો સહભાગી બન્યા હતા.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર

## શ્રી નરનારાયણદેવ મેડીકલ કેમ્પ - ૨૦૧૫ (સર્વરોગ નિદાન અને સારવાર મેડીકલ કેમ્પ)

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી શ્રી નરનારાયણદેવના ૧૯૨મા વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં 'રોગ મુક્ત કચ્છ' અભિયાન અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા શ્રી નરનારાયણદેવ મેડીકલ કેમ્પ - ૨૦૧૫ (સર્વરોગ નિદાન અને સારવાર મેડીકલ કેમ્પ)તા.૧૯-૪-૨૦૧૫ રવિવારના યોજવામાં આવશે. જેની વ્યવસ્થા શ્રી કચ્છી લેવા પટેલ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ સંચાલિત માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ અને રીસર્ચ સેન્ટર, ભુજ દ્વારા થશે. 'માનવ સેવા એજ પ્રભુ સેવા' ને સાર્થક કરતા આ કેમ્પમાં હૃદયરોગ, આંખ,પેટ, ગળા, હાડકાંના દર્દો, સારણ ગાંઠ, તેમજ દરેક પ્રકારની ગાંઠના દર્દો, સ્ત્રી ગર્ભાશય/બ્રેસ્ટ કેન્સર અને ન્યુરો સારવાર, સારવાર શક્ય હોય તેવા કેન્સર, પેસાબ અને લોહીને લગતા રોગો, બાળકોના દર્દો, ચામડી અને શ્વાસજન્ય રોગો આદિનો સમાવેશ થશે. કેમ્પ પછીના ઓપરેશનો માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ ભુજની દેખરેખ નીચે કરવામાં આવશે.

વધુને વધુ જરૂરિયાતમંદ દર્દીઓને તેમનું સ્વાસ્થ્ય પાછું મળે એવા સદ્કાર્યમાં સેવા આપી આપ પણ સહભાગી બની શકો છો. સેવા માટેની 'મેડીકલ કેમ્પ'ની પહોંચ મંદિરમાંથી આપવામાં આવશે. ચેક/ડ્રાફ્ટ 'શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - ભુજ'ના નામથી આપી શકાશે.

દરિદ્રનારાયણોની સુશ્રુષા કાજે અને શ્રીહરિની પ્રસન્નતાર્થે યથાશક્તિ સહયોગ અને સેવા આપવા (અભિયાનમાં જોડાવા) સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ અને દાનવીર દાતાશ્રીઓને ભુજ મંદિર હાર્દિક આમંત્રણ પાઠવે છે.

અહેવાલ :- કોઠારી સ્વામી

# પ્રેમનું સિંચન

હે પ્રભુ પ્રાર્થું તને, બે કરજોડી પ્રેમથી,
દે મને વરદાન એવું, હું શાન્તિનો વાહક બનું.
જ્યાં જોઉં હું ધિક્કારને, ત્યાં પ્રેમનું સિંચન કરું,
આઘાત જ્યાં નજરે પડે, ત્યાં ક્ષમાનું વરદાન દઉં.
શ્રધ્ધા થકી સર્વોના મનનાં, સંશયને દફનાવી દઉં,
નિરાશાના વાદળોને, આશા થકી સજાવી દઉં,
વિશાદના વમળો હટાવી, આનંદથી નવરાવી દઉં.
કમ અપેક્ષા, નિઃસ્વાર્થ સેવા, જીવનમંત્ર બનાવી દઉં,
આપવામાં છે અધિક આનંદ, એ ઉક્તિને સાર્થક કરું.
માનવતાનું મૂલ્ય સમજી, ''અલ્પ'' જીવન ધન્ય કરું,
શ્રીહરિનું શરણું શોધી, ઘનશ્યામની સેવા કરું.

અહેવાલ :- મુકુન્દ કે. મહેતા, આદિપુર-કચ્છ

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ

## ઉચ્ચ પ્રાથમિક વિભાગ

જુન, ૨૦૧૪થી શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સંકુલના ધો. ૬નો વર્ગ શરૂ કરવામાં આવેલ છે.

જુન, ૨૦૧૫થી ધો. ૭ અને ધો. ૮ના વર્ગો શરૂ કરવામાં આવશે. નિષ્ણાત અને અનુભવી શિક્ષકો દ્વારા અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન, કોમ્પ્યુટર જેવા વિષયોનું સઘન શૈક્ષણિક કાર્ય હાથ ધરવામાં આવે છે. અદ્યતન શૈક્ષણિક સાધનોનો ઉપયોગ શિક્ષણ કાર્યમાં કરવામાં આવે છે.

જુન, ૨૦૧૪થી શરૂ થતા સત્રમાં ધો. ૬,૭ અને ૮માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશપત્ર ભરીને શાળામાં આપી જવું.

**:: સંપર્ક ::**

શ્રી આચાર્યશ્રી, શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ-કચ્છ.
ફોન નં. (૦૨૮૩૨)૨૨૦૭૬૪

# સત્સંગ સમાચાર

## શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવી મધ્યે વિવિધ ઉત્સવો

મેડીકલ કેમ્પ :- તા. ૨૨-૨-૨૦૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર, માંડવી દ્વારા અ.નિ. સ.ગુ. સ્વામી હરિજીવનદાસજીની પુણ્યસ્મૃતિમાં એક મેડિકલ કેમ્પનું



આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દર્દીઓની ચેક અપ માટે અમદાવાદ, ભુજ, માંડવીના ડોક્ટરોએ સેવા આપેલી જેમાં કાન, નાક, ગળા, હાડકાં, આંખ, આદિક ૧૪ પ્રકારના રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. ૧૫૨૨ લોકો આ મેડિકલ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પમાં આવેલ આંખ, કાન, નાક, ગળાના ઓપરેશનો વિના મુલ્યે કરી આપવામાં આવેલ અને બાકીના દર્દોની તપાસ તથા ૧૦ દિવસની દવા ફ્રી આપવામાં આવેલ હતી. કેમ્પના યજમાન ગામ સુખપર રોહાના અ.નિ. રવજીભાઈ લાલજી પિંડોરીયા, ધ.પ. માનબાઈ સુત પ્રેમજીભાઈ, ધ.પ. નિર્મળાબેન, સુત જંયતીભાઈ ધ.પ. અમૃતબેન સહપરિવાર રહ્યા હતા.


ભુજ મંદિરથી મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, શા. સ્વામી હરિવલ્ભદાસજી પધાર્યા હતા. આ કેમ્પનું ઉદ્‌ઘાટન તેમના વરદ્ હસ્તે થયું હતું. જેમાં માંડવી મંદિરના મહંત પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તેમજ સ્વામી મુકુન્દજીવનદાસજી પણ જોડાયા હતા. સંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું. મહંત સ્વામીએ આશીર્વાદ સાથે વ્યસનમુક્ત થવા માટે કહ્યું હતું. છેલ્લે ૧૨:૩૦ વાગ્યે સુધી કેમ્પમાં દર્દીને ચકાસણી કરી ડોક્ટરોએ રજા લીધી હતી.

માઘસ્નાન વ્રત ઉદ્યાપન :- માંડવીમાં કેરા, કુંદનપર અને નારણપરના સાંખ્યયોગી બાઈઓએ પ્રસાદી સ્થળ એવું મીઠી વીરડીએ માઘ સ્નાન તથા વર્ષ દરમ્યાન કરેલ વ્રતનું ઉદ્યાપન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભુજ, પ્રસાદી મંદિર અને અંજાર મંદિરેથી સંતો પધાર્યા હતા. તેમજ માંડવી તથા ગામે ગામથી હરિભક્તો



પણ આ ઉત્સવમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માંડવી મંદિરના મહંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, મહાપુરુષદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. ભોજનપ્રસાદ લઈને સૌ હરિભક્તો છૂટા પડ્યા હતા.

શિક્ષાપત્રી જયંતી :- શ્રીજી મહારાજે સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીની ૧૮૯મી જયંતી નિમિત્તે સવારે સભામંડપમાં શિક્ષાપત્રીનું પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વામી સુવ્રતમુનિદાસજી સ્વામી રામાનુજદાસજીએ શ્લોક ઉચ્ચારીને પૂજન કરાવેલ. ત્યારબાદ પ્રસાદી મંદિરેથી શિક્ષાપત્રીની પગપાળા શોભાયાત્રા મોટા મંદિરે પધારી હતી અને આંબો રોપવામાં આવેલ હતો. બહેનોના મંદરમાં શિક્ષાપત્રી પૂજન કરેલ. પૂજનબાદ મહંત સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વાદ આપેલ. રાત્રે કચ્છ શ્રી



નરનારાયણદેવ યુવક મંડળના યુવાન હરિભક્તોએ સભામંડપમાં પૂજન કરેલું. જેમાં પુ. સ્વામી રામાનુજદાસજી તેમજ સ્વામી મુકુંદમુનિદાસજીએ શ્લોક બોલીને પૂજન કરાવેલ.

માઘસ્નાનની સમાપ્તિ :- કળિયુગના કલુષિત વાતાવરણમાં પણ આજે શ્રધ્ધા, આસ્થા અને અધ્યાત્મથી ભરપુર એવું માંડવી શહેર અને ત્યાં આવેલો શ્રીજી મહારાજના ચરણકમળથી અંકિત એવા સમુદ્રમાં સંતો, હરિભક્તોએ પવિત્ર મહા મહિનામાં સ્નાન કરેલ. માંડવી મંદિરેથી દરરોજ સવારે સંતો, હરિભક્તો એક મહિનો



સમુદ્ર સ્નાન કર્યું તેની સમાપ્તિ પ્રસંગે મંદિર દ્વારા ઉત્સવ રાખવામાં આવ્યો હતો. સમુદ્ર કિનારે સવારે ૮ વાગ્યે શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ માઘસ્નાનનો મહિમા પુ. સ્વામી દેવવિહારીદાસજીએ ગાયો હતો. મંદિરના મહંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી મુકુન્દજીવનદાસજીએ આશીર્વાદ આપ્યાબાદ પ્રસાદ વિતરણ કરી ઉત્સવની સમાપ્તિ કરવામાં આવી હતી.

કથા પરાયણ :- અ.નિ. હરજી ઝીણા કેરાઈ, અ.નિ. પ્રેમબાઈ હરજી કેરાઈની પુણ્યસ્મૃતિમાં માંડવી મંદિરના સભામંડપમાં નિષ્કુળાનંદ સ્વામી કાવ્ય વિરચિત હરિબળગીતા અને ભક્તિનિધિ ગ્રંથની કથા યોજાઈ હતી. જેમાં હરિબળગીતાના વકતા શા. સ્વામી દેવવિહારીદાસજી તેમજ ભક્તિનિધિના વક્તા પુ. સ્વામી સદ્‌ગુણસ્વરૂપદાસજીએ ગ્રંથને છણાવટ પૂર્વક વિવેચન કરી હરિભક્તોને રાજી કર્યા હતા. આ પંચાહ્ન પારાયણમાં ભુજથી સ્વામી ભક્તિચરણદાસજી પધાર્યા હતા. છેલ્લે દિવસે મહંત સ્વામીએ યજમાનોને આશીર્વાદ પાઠવ્યા હતા.

મનજી વિશ્રામ રાબડીયા સુત નારણભાઈ અને વિરજીભાઈ તરફથી માંડવી મંદિરના સભામંડપમાં નિષ્કુળાનંદ સ્વામી વિરચિત ભક્તચિંતામણી ગ્રંથની પારાયણ યોજાઈ હતી. તેમાં પુ. સ્વામી દેવવિહારીદાસજીએ ગ્રંથ વાંચન કરી હરિભક્તોને રસતરબોળ કર્યા હતા. છેલ્લે દિવસે મહંત પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તેમજ સ્વામી મુકુન્દજીવનદાસજીએ આશીર્વાદ આપ્યા હતા.

શ્રી વૃંદાવનવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૫૫મો પાટોત્સવ :- આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સ્વહસ્તે સ્થાપિત શ્રી વૃંદાવનવિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૫૫મો વાર્ષિક પાટોત્સવ ફાગણ સુદ બીજના રોજ ધામધૂમથી કરવામાં આવ્યો હતો. આ શુભ પ્રસંગે મંગળા આરતી બાદ પૂજન કર્યા પછી



ઠાકોરજીનો અભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેક બાદ અન્નકૂટ ધરવામાં આવ્યો હતો. સંતો સાથે યજમાનશ્રીઓએ અન્નકૂટની આરતીનો લ્હાવો લીધો હતો. યજમાનપદે ગં.સ્વ. પુરબાઈ નાનજી પિંડોરીયા સહપરિવાર, ગોધરા હાલે મુંબઈ રહ્યા હતા. મહંત પુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તેમજ મુકુન્દજીવનદાસજીએ આશીર્વાદ આપી મંગલ પ્રસંગ સમાપ્ત કરવામાં આવ્યો હતો.

અહેવાલ :- સ્વામી સર્વમંગલદાસજી

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ રાષ્ટ્રીય પર્વની ઉજવણી

૬૬મા પ્રજાસત્તાક દિન નિમિત્તે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના પાર્ષદ જાદવજી ભગત, ભુજ મંદિરના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી, વિદ્યાર્થી ભવનના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, સહસંચાલક સ્વામી ભક્તિનંદનદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી તથા કેળવણી મંડળના તથા વિદ્યાર્થી ભવનના સૌ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરેલ હતું.

આ પ્રસંગે શ્રી જાદવજી ભગતે ભૂકંપની ગોઝારી યાદોને તાજી કરી દેશભક્તિના રંગે રંગાવા વિદ્યાર્થીઓને પ્રેર્યા હતા. શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ જાન્યુઆરી માસને સર્વશ્રેષ્ઠ માસ ગણાવ્યો હતો તથા પ્રાણવાન શિક્ષકો જ પ્રાણવાન નાગરિક તૈયાર કરી શકે છે તથા દેશ માટે ખમીર, ગૌરવ તથા સંસ્કારો પુરા પાડી શકે છે. આચાર્ય શ્રી એમ. એ. સુથારે હક્કની સાથે ફરજો પણ દેશકાજો બજાવીએ તેવી શીખ આપી અને 'સ્વચ્છતા અભિયાન'ની ઝુંબેશમાં જોડાવા વિદ્યાર્થીઓને આહ્વાન આપ્યું હતું. કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતાએ રાષ્ટ્રના વિકાસમાં મજબૂત મનોબળ, દૃઢ સંકલ્પ અને પરિશ્રમને મહત્ત્વની બાબતો ગણાવી હતી. એસ.એસ. વી.ના સુત્રને તેમણે સમર્પણ, સંકલ્પ અને વિકાસ રાષ્ટ્રના ઉત્થાન માટે જરૂરી ગણાવ્યા હતા. મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીએ આ શાળાએ વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે આપેલા સંસ્કારોને યાદ કરાવી 'સ્વચ્છતા અભિયાન' માટે સંસ્કારી યુવાનોની આવશ્યકતા છે એવું જણાવ્યું હતું.

આ પ્રસંગે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિના ગીતો, વક્તવ્યો, નૃત્ય, પીરામીડ, સ્વરચિત કાવ્યનું પઠન કરાવ્યું હતું. દેશભક્તિના નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

આ કાર્યક્રમમાં કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ, વિદ્યાર્થી ભવનના મંત્રીશ્રી કરસનભાઈ હાલાઈ, ટ્રસ્ટીશ્રી લાલજીભાઈ રૂપાલીયા, જાદવા બાપા, બહોળી સંખ્યામાં વિદ્યાર્થીગણ તથા શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

અહેવાલ :- આચાર્યશ્રી

## માનકુવા (ભક્તિનગર) મંદિરમાં શાકોત્સવ

ભક્તિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧-૨-૨૦૧૫ રવિવારના શાકોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. વક્તાપદે શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજીએ શાકોત્સવનું મહાત્મ્ય સમજાવેલ. સભા સંચાલક સ્વામી મહાપરુષદાસજીએ આશીર્વાદની ઝડી વરસાવેલ. સ્વામી નિરન્નમુક્તદાસજી, સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજીએ સત્સંગીઓને આશીર્વાદ આપ્યા હતા. તેમજ બાલમંડળના બાળકોને ઈનામ આપવામાં આવ્યા હતા. સંતોના હાથે શાકનો વઘાર આપવામાં આવ્યો હતો. અને સાંજે યુવકમંડળ, યુવતીમંડળની સંયુક્ત વિશેષ સભા ભક્તિનગર લેવા પટેલ સમાજવાડીમાં રાખેલ હતી. જેના વક્તાપદે વિદ્યાર્થી સ્વામી પ્રેમવલ્લભદાસજી આજના ટેકનોલોજી યુગની સાથે લોકો અંધશ્રધ્ધામાં ન ફસાવવાની સમજ આપી હતી. તેમજ ખીમજી ભગતે મીડીયાના માધ્યમથી અંધશ્રધ્ધા દૂર કરવા માટે ખાસ ટકોર કરી હતી.

અહેવાલ :- જોધાણી રમીલા દેવજી, ભક્તિનગર


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

દેશમાં
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

વિદેશમાં
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

## ચીરઈ : મંદિરનો પાટોત્સવ ઉજવાયો

શ્રી સ્વામિનારાયમ મંદિર, ચીરઈનો ૧૩મો પાટોત્સવ ચીરઈના અ.નિ. ગજુભા ચંદુભા જાડેજા પરિવારના યજમાનપદે ધામધૂમથી ઉજવવામાં આવેલ. સવારે પ.ભ. શ્રી ફતેહસિંહજી ગજુભા જાડેજાના વરદ્ હસ્તે 'ધજા' ચડાવ્યા બાદ ધૂન-ભજન-કીર્તનના કાર્યક્રમમાં શ્રી મહેન્દ્રસિંહજી જાડેજા જોડાયા હતા. ઉપરાંત શિક્ષાપત્રી અને વચનામૃત પઠન તેમજ મહાઆરતીના કાર્યક્રમમાં હરિભક્તો ભક્તિભાવ સાથે જોડાયા હતા. અ.નિ. હનુભા રઘુભા જાડેજા તથા અ.નિ. ગજુભા ચંદુભા જોડાજાની સેવાઓને બિરદાવી શ્રધ્ધાંજલિ આપવામાં આવેલ. પાટોત્સવની સફળતા માટે હરિભક્તોએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ :- ફતેહસિંહ ગજુભા જાડેજા

## ભચાઉ : શિક્ષાપત્રી જયંતીની ઉજવણી

શ્રી સ્વામિનારાયણ મંદિર ભચાઉ મધ્યે વસંત પંચમીના રોજ 'શિક્ષાપત્રી જંયતી'ની ધામધૂમથી ઉદવણી કરવામાં આવેલ. ઉજવણી અંતર્ગત 'બાઈક શોભાયાત્રા'નું આયોજન કરવામાં આવેલ. મંદિરેથી પ્રસ્થાન શોભાયાત્રા મુખ્ય બજાર, તળાવ, હાઈવે થઈને પરત મંદિરે આવેલ. તે દરમ્યાન રસ્તામાં આવતા પ્રસાદીના સ્થળોએ પૂજન-અર્ચન કરવામાં આવેલ. મંદિરે પહોંચીને મહાઆરતી, શિક્ષાપત્રી પૂજન-પઠન અને મહાપ્રસાદ વગેરેનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા સંતો-હરિભક્તોએ મહેનત કરી હતી.

અહેવાલ :- ફતેહસિંહ ગજુભા જાડેજા

## મુન્દ્રા : શાકોત્સવ ઉજવાયો

પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર, મુન્દ્રા મધ્યે તા. ૮-૨-૨૦૧૫ રવિવારે શ્રી વાલજીભાઈ કરસન રાબડીયા (બળદીયા હાલે નૈરોબી) પરિવાર તથા શ્રી રવજીભાઈ જાદવા ખીમાણી (બળદીયા હાલે નૈરોબી) પરિવારના યજમાનપદે શાકોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. શાકોત્સવના પવિત્ર પ્રસંગે ભુજ મંદિરેથી સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી, પુ. સ્વામી મહાપુરુષદાસજી, પુ. સ્વામી હરિમુકુન્દદાસજી, પુ. સ્વામી જયકૃષ્ણદાસજી આદિ સંતો પધાર્યા હતા અને હજારો હરિભક્તોએ આ ઉત્સવનો લ્હાવો લીધો હતો. મુન્દ્રામાં સત્સંગ ફાલ્યો ફૂલ્યો છે અને શ્રીજી મહારાજના નિષ્ઠાવાન બારસો જેટલા હરિભક્ત ભાઈ-બહેનોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. ભોજનપ્રસાદ બનાવવામાં કેરાના સત્સંગી ભાઈઓએ સેવા આપી હતી જયારે સંતોના પ્રસાદ માટે કેરાના પૂજ્ય સાંખ્યયોગી બાઈઓએ સેવા આપી હતી. મુન્દ્રાના રહેવાસી પ.ભ. રસીકભાઈ પટેલે મંડપ બાંધકામની સેવાનો લાભ લીધો હતો. સંતોની પ્રેરણાથી દાતાઓ તથા સેવાભાવી હરિભક્તો સર્વશ્રી શાંતિલાલ વેલજી ભંડેરી - રામપર, શિવજીભાઈ વીરજી કેરાઈ - નારણપર ની.વા., દેવજીભાઈ રામજી હિરાણી - બળદીયા, રવજીભાઈ કરસન ગોરસીયા અને હીરજીભાઈ નાથા - ભુજ, ગોવિંદભાઈ કેસરા હાલાઈ - મેઘપર, વાલજીભાઈ રામજી વેકરીયા તથા ધનજીભાઈ હીરજી હિરાણી - મદનપુર આદિ તથા સ્થાનિક હરિભક્તોએ સેવા સાથસહકાર આપી ઉત્સવને સફળ બનાવ્યો હતો.

અહેવાલ :- પૂજારી

## ચરણ ચિહ્ન ષોડશાબ્દી મહોત્સવ મુંબઇ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતી ભુવન વિલે પાર્લે મુંબઈને ષોડ વર્ષ પૂર્ણ થતા ષોડમાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ચરણ ચિહ્ન ષોડશાબ્દી મહોત્સવ સહ વંદુ સહજાનંદ રસરુપ પંચાહ્ન પારાયણનું આયોજન તા,૪-૨-૨૦૧૫ બુધવારથી તા,૮-૨-૨૦૧૫ રવિવાર સુધી કરવામાં આવ્યું હતું. જેમાં કથામૃતનું રસપાન વિશ્રાંતી ભુવન વિલે પાર્લે મુંબઈના મહંત શા. સ્વામી નારાયણમુનીદાસજી કરાવ્યું હતું. દરરોજ કથા બાદ શ્રી ઘનશ્યામ બાલ મંડળના બાળકોનું નૃત્ય રાખવામાં અવેલું, ત્યાર પછી વ્યાખ્યાન માળા જેમાં સ્વભૂષણમ્ વિષે પુ. સ્વામી સંતસ્વરૂપ,ચરણચિહ્ન મહિમા પર સ્વામી વેદાંતસ્વરૂપદાસજી અને આદર્શ-આલંબન પર સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ લાભ આપ્યો હતો. સંગીતમાં સ્વામી નિર્ભયચરણદાસજ, સ્વામી ભજનપ્રકાશદાસજી, સ્વામી કપિલમુનીદાસજી રહ્યા હતા. કથાના ત્રીજા દિવસો સ્વામી ભજનપ્રકાશદાસજીના કંઠે ગવાયેલ ચરણ ચિહ્ન ચિંતવિયે કિર્તાનની સીડી અને શા.સ્વામી નારાયણમુનીદાસજીની વિવિધ કથાઓથી યુક્ત પેનડ્રાઈવનું વિમોચન કરવામાં આવ્યું હતું. ચોથા દિવસે મહિલામંચનું આયોજન રાખેલું હતું. કથાના અંતીમ દિવસે રવિવારે મુંબઇ વિલે પાર્લેના મુખ્ય માર્ગે ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રા રાખવામાં આવી હતી. જેમાં ત્રણ બગી, ઠાકોરજીનો ચરણચિહ્ન રથ, ઝુલતી પાલખી, ધૂન સાથે બેન્ડ અને ૧૦૮ બાઈક સહ મોટી સંખ્યામાં સંતો ભક્તો જોડાયા હતા. ત્યાર બાદ અન્નકૂટની આરતી અને ૧૬ હરિકૃષ્ણ મહારાજ અને ચરણારવિંદની ષોડષોપચારથી પૂજા, પંચામૃત અને ષોડ રસોથી ભુજ મંદિરના મહંત સ્વામી આદી ષોડ સંતો તથા ષોડ હરિભક્તો દ્વારા મહાઅભિષેકનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું. કથામાં પૂજય સદ્.મહંત સ્વામી શ્રીધર્મનંદનદાસજી, સદ્.પ્રેમપ્રકાશદાસજી, સદ્. ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્. સ્વામી શ્રી હરિદાસજી આદી ષોડ સંતોએ આશીર્વચન પાઠવાયા હતા. સભા સંચાલના શા.સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કર્યું હતું. મહોત્સવના યજમાન પદે મુંબઈના સર્વે ભક્તો સમુહમાં રહ્યા હતા. મહોત્સવને સફળ બનાવવા સ્વામી સંતસ્વરૂપદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી, સ્વામી વ્યાસમુનીદાસજી,સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, સ્વામી ભક્તિવેદાંતદાસજી આદી મંડળના સંતોએ સારો સહયોગ આપ્યો હતો.

અહેવાલ : સ્વામી સંતસ્વરૂપદાસજી

## આધોઈ : પાટોત્સવની ઉજવણી

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તેમજ વડીલ સંતોના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર, આધોઈ(તા. ભચાઉ)નો વાર્ષિક પાટોત્સવ મહાવદ-૯, શુક્રવાર તા. ૧૩-૨-૨૦૧૫ના રોજ વિશાળ સંતવૃંદ, સા.યો. બહેનો તથા હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ભવ્ય રીતે ધામધૂમથી ભક્તિભાવ સાથે ઉજવવામાં આવેલ. પાટોત્સવના યજમાનપદે મુખ્ય દાતા પ.ભ. શ્રીહરજીભાઈ વાલજીભાઈ હિરાણી તથા લક્ષ્મણભાઈ વાલજીભાઈ હિરાણી (રામપર હાલે લંડન યુ.કે.), ગોવિંદભાઈ ધનજીભાઈ રાબડીયા (રામપર હાલે ભુજ) સહપરિવાર રહીને પ્રસંગનો લ્હાવો લીધો હતો.

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ મંદિર તૃતીય પાટોત્સવ - મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા)

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ તાબાના ઓસ્ટ્રેલિયા મધ્યે સૌ પ્રથમ વાર નિર્માણ પામેલ શ્રી સ્વામિનારાયણ મંદિર,મેલબોર્ન(ઓસ્ટ્રેલિયા)ના આંગણે શ્રી ઘનશ્યામ મહારાજ તથા શ્રી નરનારાયણદેવ, રાધાકૃષ્ણદેવ આદિક દેવોનો તૃતીય પાટોત્સવ ગુરુવાર તા. ૨૨-૧-૨૦૧૫ થી બુધાવાર તા. ૨૮-૧-૨૦૧૫ સુધી પૂજ્ય સ.ગુ.પુરાણી સ્વામી હરિબળદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજી તથા શાસ્ત્રી સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીના સાંનિધ્યમાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

આ પાટોત્સવનાં ઉપલક્ષમાં શ્રીહરિચરિત્રામૃત સાગરની સપ્તાહ પારાયણનું મંગળ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુરાણી સ્વામી ધર્મવિહારીદાસજીએ પોતાની સુંદર આગવી શૈલીમાં અમૃતમય કથામૃતનું અદ્‌ભુત પાન સંગીતના સથવારે કરાવ્યું હતું. આ પારાયણના યજમાનપદે પ.ભ. કાનજીભાઈ રાઘવાણી સહપરિવાર હસ્તે સુપુત્રો દિનેશભાઈ, કિશોરભાઈ, તથા દિપકભાઈ રાઘવાણી અને પ.ભ. હર્ષદભાઈ પટેલ સહપરિવાર રહ્યા હતા.

સોમવાર તા. ૨૬-૧-૨૦૧૫ (ઓસ્ટ્રેલિયા ડે, ભારતીય ગણતંત્ર દિવસ)નાં રોજ સવારે ૭:૦૦ વાગ્યે શ્રીઘનશ્યામ મહારાજનો અતિ રમણીય ભક્તિસભર મહાઅભિષેક તથા ફૂલો તથા અનેકવિધ સામગ્રીઓથી રાજોપ્ચાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ખૂબ જ રમણીય અન્નકૂટ ભગવાનને ધરાવવામાં આવ્યો હતો. અને લેઝીમ-બેન્ડનાં સથવારે શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ તથા સર્વે દેવોની ધજા ચડાવવામાં આવી અને અન્નકૂટની મહાઆરતી ઉતારવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાહવો-આનંદ લીધો હતો.

પૂર્ણાહુતિ તા. ૨૮-૧-૨૦૧૫ના રોજ પૂજ્ય સંતોનાં વરદ્‌હસ્તે યજમાનો, બાળમંડળ, યુવકમંડળ, યુવતીમંડળ, ગુજરાતી ક્લાસીસ, રસોડા વિભાગના સભ્યો તથા સર્વે નાના મોટા સ્વયંસેવકોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પાટોત્સવ અંતર્ગત શુક્રવાર તા. ૨૩-૧-૨૦૧૫નાં રોજ ધામધૂમથી ઠાકરથાળીનો ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. તથા શનિવાર તા. ૨૪-૧-૨૦૧૫ના રોજ વસંતપંચમીના શિક્ષાપત્રી પૂજન સંતો દ્વારા કરવામાં આવ્યું હતું. રવિવાર તા. ૧-૨-૨૦૧૫નાં દિવસે યુવકમંડળ દ્વારા સંગીત શિબિર તથા સમુદ્ર માઘસ્નાનનું ખૂબ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તથા સંતોની નિશ્રામાં દિવ્ય શાકોત્સવ તથા મહાપૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

અહેવાલ :- દિપકભાઈ રાઘવાણી

## "શ્રી નરનારાયણ દેવ નૂતન મંદિર મહોત્સવ" શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - નાઈરોબી

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબી નૂતન મંદિરનું કાર્ય જોર જોરથી ચાલી રહ્યું છે. શાળાનું કાર્ય પૂર્ણ કરી તેમાં શિક્ષણનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. હરિભક્તોના રહેવાસ માટેના મકાનો પણ હવે પૂર્ણતાના આરે છે, ચાલુ સાલે લગભગ જુલાઈ, ઓગસ્ટ માસમાં હરિભક્તોને રહેવા માટે અપાઈ જાય તેવી શક્યતાઓ છે.

નૂતન મંદિરને બહાર ચારે કોરથી બંસી

પહાડના કોતરણી કામ કરેલા પત્થરોથી મઢવાનું છે, તે માટે ભુજ, જામનગર, પીંડવાડા વિગેરે જગ્યાઓમાં કોતરણીનું કાર્ય ચાલી રહ્યું છે. પાંચેક જેટલા કંટેનીયર તથા કારીગરો પણ નાઈરોબી આવી કાર્ય શરૂ કરી દીધું છે.

તા. ૨૫-૧-૨૦૧૫ના રોજ મહંત સ્વામીની ઉપસ્થિતિમાં શુક્રવાર તા. ૫-૮-૧૬ થી શનિવાર તા. ૧૩-૮-૧૬ સુધી ઉજવવાના મહોત્સવની તૈયારી માટે મળેલ સાર્વજનિક સભામાં ''શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ'' માટે ૧૫ સભ્યોની સમીતીની રચના કરવામાં આવી હતી. રવિવાર તા. ૧૫-૨-૨૦૧૫ના રોજ મળેલ મહોત્સવ સમિતીની બેઠકમાં બીજા ૨૫ જેટલા હરિભક્તોનો ઉમેરો કરી ૪૦ સભ્યોની ૧૫ સબ સમિતીની રચના કરવામાં આવી હતી. તો આ કાર્યની તથા તારીખની નોંધ લઈ દેશ-વિદેશથી મોટી સંખ્યામાં હરિભક્તોને પધારવા માટે શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, નાઈરોબીના ટ્રસ્ટીજનો, કાર્યવાહિ કમીટીના સભ્યો, મહોત્સવ સમિતિના સભ્યો, નાના મોટા સર્વ હરિભક્તો તરફથી ભાવભીનું હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

અહેવાલ :- મંત્રીશ્રી નારણભાઈ રવજી ગોરસીયા

## પર્થ, ઓસ્ટ્રેલિયાને આંગણે ઉજવાઈ ગયેલ ''દ્વિતીય વાર્ષિક પાટોત્સવ''

આપ સર્વેને જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે પર્થ, ઓસ્ટ્રેલિયાને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિર,પર્થ મુકામે નિજ મંદિરમાં પ્રતિષ્ઠિત શ્રીજી સ્વરૂપોનો ''દ્વિતીય વાર્ષિક પાટોત્સવ'' પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની અમિદૃષ્ટિ તથા શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના પ.પૂ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સંતમંડળના રૂડા આશીર્વાદના ફળસ્વરૂપે, પૂજ્ય સંતોના માર્ગદર્શન મુજબ, સ્મસ્ત હરિભક્તોના અનેરા ઉત્સાહ, મહેનત અને સહિયારા પ્રયાસ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે સોમવાર તા. ૧૨-૧-૨૦૧૫થી રવિવાર તા. ૧૮-૧-૨૦૧૫ દરમ્યાન ઉજવાઈ ગયો. પાટોત્સવ દરમ્યાન ગ્રંથરાજ ''શ્રીઘનશ્યામ લીલામૃત સાગર''ની સાત દિવસીય પારાયણ વક્તા મહોદયશ્રી પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા પુ. સ્વામી ધર્મવિહારીદાસજીના સુમધુર કંઠે હરિભક્તોને રસપાન કરાવેલ. સાતે સાત દિવસ હરિભક્તોએ ભોજનપ્રસાદના યજમાનપદનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હતી. રવિવાર તા. ૧૧-૧ ના રોજ ધામધૂમથી રાસમંડળી, લેઝીમદળ, બેન્ડ સાથે મંદિરના પ્રાંગણમાં જમણવારના યજમાનો દ્વારા ગ્રંથરાજની પોથીયાત્રા કાઢવામાં આવેલ. દરરોજ સાંજે વિદ્વાન વક્તા મહોદયના સુમધુર કંઠે કથાપારાયણનો લાભ સર્વે હરિભક્તોએ લીધેલ. પારાયણ દરમ્યાન તા. ૧૩-૧ના રોજ શ્રી બાળ ઘનશ્યામ જન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. તા. ૧૫-૧-૨૦૧૫ના રોજ પવિત્ર મકરસંક્રાતિના પુણ્યકાળમાં પ્રાતઃકાળે સવિતાનારાયણની હાજરીમાં શ્રી ઘનશ્યામ મહારાજનો પંચામૃત દ્રવ્યોથી અભિષેકવિધિ ૬ઃ૦૦ થી ૬ઃ૩૦ દરમ્યાન ત્યારબાદ ધ્વજા આરોહણવિધિ, શણગાર આરતી દર્શન તથા સાંજે અન્નકૂટ દર્શન આરતી વિગેરેનો અલભ્ય લાભ સર્વે હરિભક્તોએ લીધેલ. પ્રસંગ ઉજવણીના ભાગરૂપે તા. ૧૭-૧-૧૫ના રોજ સવારે પૂજનીય સંતો દ્વારા ''મહાપૂજા'' કરાવેલ. જેમાં ઘણી મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધેલ. પૂજનીય સંતો દ્વારા જમણવારના યજમાન, ધ્વજા આરોહણના યજમાન સર્વેને પહેરામણી કરવામાં આવેલ. તથા યુવકમંડળ તથા ગુજરાતી ક્લાસના બાળકો દ્વારા સાંસ્કૃતિક નાટિકા રજૂ કરવામાં આવેલ. અંતમાં તા. ૧૮-૧ને રવિવારના રોજ સવારે ૮ઃ૩૦ થી ૧૦ઃ૦૦ કથા પારાયણની પૂર્ણાહુતિ, ઉત્થાપનવિધિ, આરતી તથા પ્રસાદરૂપી ભોજન આરોગી પ્રસંગને પૂર્ણ કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રીશ્રી જયેન્દ્રભાઈ હરિકૃષ્ણ સોની

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટ લંડન મધ્યે વિવિધ ઉત્સવો

ઠાકરથાળી :- તા. ૧૮-૧-૨૦૧૫ રવિવારે શ્રી મંદિર તરફથી ભુજ ધામથી સ્વામી શાંતિપ્રિયદાસજી આદિ સંત મંડળ સહિત તેમના સાંનિધ્યમાં ઠાકરથાળી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ.

તા. ૧-૨-૨૦૧૫ને રવિવારે પ.ભ. હીરજીભાઈ વિશ્રામ પિંડોરીયા પરિવાર માનકુવા, જન્મદિવસ નિમિત્તે ધર્મપત્ની જીવબાઈને ૬૦ વર્ષ તથા હીરજીભાઈને ૬૧ વર્ષના દિન નિમિત્તે, તા. ૮-૨-૨૦૧૫ રવિવાર પ.ભ.હીરજીભાઈ શીવજી વેલાણી પરિવાર પુત્ર દિપકનાં લગ્નદિન નિમિત્તે, તા. ૧૫-૨-૨૦૧૫ રવિવાર મંદિરને નિમિત્ત બનાવી યજમાનપદે પ.ભ. માનબાઈ વિશ્રામ શિયાણી ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે ઠાકરથાળી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ પરિવારે શ્રી ઘનશ્યામ મહારાજને ભેટ અર્પણ કરેલ.

**X-MAS DAY** વિશેષ કાર્યક્રમો :-

તા. ૨૫-૧૨-૨૦૧૪ને ગુરુવારે સમગ્ર યુ.કે. દેશમાં નાતાલની રજા હોવાથી દરવર્ષની માફક યુવક મંડળ રચિત રમત-ગમત દિનનું આયોજન કરવામાં આવેલ. આખો દિવસ ગમ્મત સાથે જ્ઞાનથી બાળકો, માવિત્રો અને વડીલોને રાજી કરેલ. આ દિવસે બપોરનું મહાપ્રસાદ ભોજન પ.ભ. શાંતિભાઈ વેલજી કરસન વેકરીયા ગામ બળદિયા દ્વારા આયોજન કરવામાં આવેલ.

વસંતપંચમી - શિક્ષાપત્રી જયંતી :- તા. ૨૪-૧-૨૦૧૫ને શનિવાર સંતોના સાંનિધ્યમાં વસંત પંચમી ઉત્સવ તેમજ સાંજે પ.પૂ. અ.વા. સ્વામી ઘનશ્યામજીવનદાસજીની પુણ્યતિથિ નિમિત્તે સંત શિરોમણીનો વિશેષ કાર્યક્રમ પ.પૂ. સ્વામી શાંતિપ્રિયદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી, પ.પૂ. સ્વામી કેશવપ્રિયદાસજી, સ્વામી શ્રીજીપ્રકાશદાસજી, સ્વામી દેવનંદનદાસજી, સ્વામી દિવ્યમુનિદાસજી સર્વ સંતોના સથવારે વસંતપંચમી ઉત્સવ સંતવાણી તેમજ સંત સ્મરણનું આયોજન આખા વીક લગી કરવામાં આવેલ. આ વીકે કચ્છ પ્રાંતમાં દુષ્કાળ નિમિત્તે ગાયોના ચારા માટે હરિભક્તો મોટી સેવા અર્પણ કરીને સંતોનો રાજીપો મેળવેલ. મંદિરના પ્રમુખશ્રી શામજીભાઈ ગૌદાનમાં સેવા અર્પણ કરીને સંતોનો રાજીપો મેળવેલ.

## અક્ષરવાસ

ગામ અંજાર(નાની નાગલપર)ના પ.ભ. ભીમજી કુંવરજી વરસાણી ઉ.વ. ૫૨ તા. ૧૦-૨-૧૫ના શ્રીજીનું સ્મરણ કરતા અક્ષરધામ સિધાવ્યા છે.

ગામ માધાપરના રાધાબાઈ હીરાલાલ વાઘજીયાણી ઉ.વ. ૯૬ તા. ૫-૨-૧૫ના શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં કરતાં ભગવાનનાં ધામમાં ગયા છે.

ગામ રવાપરના હાલ નડિયાદમાં રહેતા ડાહ્યાલાલભાઈ હંસરાજ વાસાણી ઉ.વ. ૫૪ તા ૧૨-૨-૧૫ ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતાં અક્ષરવાસી થયા છે.

પ.ભ. શીવજીભાઈ નારણ ભુડીયા ઉ. વર્ષ ૮૨ - માનકુવા, પ.ભ. સામબાઈ રત્ના હિરાણી - ભારાસર, પ.ભ. ઝીણાભાઈ પુંજા હિરાણી - માધાપર, પ.ભ. કાનબાઈ વાલજી હિરાણી ઉ. વર્ષ ૬૫ - સુખપર, પ.ભ. નાથાભાઈ પ્રેમજી હિરાણી ઉ. વર્ષ ૬૫ - સુખપર(જુનોવાસ), પ.ભ. ધનજીભાઈ વાલજી હિરાણી ઉ. વર્ષ ૩૨ - ઉ.સુખપર, પ.ભ. વિશ્રામભાઈ રામજી વરસાણી ઉ. વર્ષ ૫૮ - માનકુવા, પ.ભ. શીવજીભાઈ લાલજી ભુડીયા ઉ. વર્ષ ૮૦ - ઉ. સુખપર.

ઉપર મુજબ અક્ષરવાસની નામાવલિ હરિભક્તોના સંબંધી દ્વારા મળેલ અને શ્રી મંદિરે ધૂન તથા બેસવાની સભાનું આયોજન કરેલ.

શ્રીહરિ દરેક અક્ષરવાસી આત્માઓને ધામમાં મહારાજની સમીપનું સુખ આપે, અને અહીં તેમનાં સંબંધીઓને દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એજ પ્રાર્થના.

અહેવાલ :- અરવિંદભાઈ વેકરીયા - ઈસ્ટલંડન

# સ્વામિનારાયણ મહામંત્રનો પ્રતાપ




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાળમિત્ર! જય સ્વામિનારાયણ, સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા બહુ મોટો છે. ઈતિહાસમાં અનેક એ મંત્રના પ્રતાપની કથાઓ,કિર્તનો અને પરચાઓ લખેયેલા છે. એમાંથી એકાદ એ મહામંત્રના મહિમાનો પરચો સાંભળીયે.

ગુજરાતમાં ધુંવા નામે એક ગામ આવેલું છે. તે ગામમાં લુહાર જ્ઞાતિનો બિંદો એવા નામે એક ભક્ત હતો. અમને અઢાર વર્ષની ઉંમરે સ્વામિનારાયણના સંતોનો સમાગમ થયો. સંતોની વાતો સાંભળીને સત્સંગી થયો. લુહારનું કામ કરતો, કામ કરતા સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ લીધા કરે. એમના માબાપ સત્સંગી નહિં પણ બિંદો સવારે નાઈ-ધોઈ ભગવાનની પૂજા કરે. ધર્મ-નિયમનું પાલન કરે તે જોઈને રાજી થાય, જે આપણે નથી કરતા તે આપણો બિંદો કરે છે એ જે કરે તે સારું કરે છે. આપણા મોટા ભાગ્ય જે આપણો બિન્દો ભગવાનનો ભગત થયો છે. એમના માબાપ તો રાજી હતા પણ એ બિન્દાની કાકી કુલખણી હતી અને ઘરમાં સાથે જ રહેતી. તે બિન્દાની ભકિત જોઈને બળી મરે, બિન્દાની નિંદા કરે, કારણ શિવાય ગાળો બોલે. ત્યારે બિન્દાના માબાપ કહે : આમારો બિન્દો સ્વામિનારાયણનું ભજન કરે છે એમાં તારું શું બગડી જાય છે, જેથી તું એને ગાળો ભાંડે છે ,,પણ એ કાકી કોઈનું સાંભળે જ નહીં અને કોઈ સમજાવે તો ઉલટી વધારે ગોળો દે. બિન્દા ઉપર ખોટા આરોપો નાખે, ગામમાં ખોટી નિંદા કરે કે અમારો બિંદો બગડી ગયો છે એ સ્વામિનારાયણીયો થઈ ગયો છે. સ્વામિનારાયણના સાધુડાએ બગાડી મેલ્યો છે. બીજો બાપ કર્યો છે. આખા ગામમાં બિન્દાની નિંદા કર્યા કરે. ત્યારે કોઈકે બિન્દાને કહ્યું : બિન્દા ! તારી કાકી તેને ગાળો દે છે, તારી નિંદા કરે છે તેમાં તને કંઈ દુઃખ નથી થતું ? ત્યારે બિન્દો કહે જે, એ મારી પરીક્ષા કરે છે કે બિન્દો ભગત કાચો છે કે પાકો ? બીજી વાત એ કે હું મારી કાકીને કહીશ કે તમે પણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલો તો એ નહિ બોલે અને મને ગાળો દે છે એમાં પહેલું મારું નામ લે છે અને પછી મારા ભગવાનનું નામ લે છે કે બિન્દીયો સ્વામિનારાયણીયો થઈ ગયો છે, આમ વેર ભાવે પણ સ્વામિનારાયણનું નામ તો લે છે એમાય ભગવાન એમનું સારું કરશે. આ કાકી તો એવી પાકી નીકળી કે બુઢી થઈ ગઈ, મોઢેથી સ્વામિનારાયણ નામ પણ સરખું બોલાય નહિ. બિન્દાનું નામ પણ બોલાય નહિ છતાપણ ગાળો દેવાનું છોડ્યું નહિ. કાકીનું વ્યસન પડી ગયેલું હતું, તેથી ગાળો દીધા વિના તો એમને શાંતિ જ ન થાય, આમ કરતાં કાકીનો અંતકાળનો સમય આવી ગયો અને પથારીવશ થઈ. ભકતનો દ્વેષ કરવાથી ભયંકર યમદૂતો લેવા આવ્યા. યમદૂતોને જોઈ કાકી દેવ-દેવલાંને સંભારવા લાગી, પણ કોઈએ સહાય કરવા આવ્યા નહિ અને યમદૂતો પોતાનું કામ ચાલું કર્યું એમનું કામ તો ધીબવાનું. ચારે કોરથી યમદૂતો હાથમાં ધોકા ભાલા, બરછી લઈ માંડયા મારવા અને કાકી રાડો પડે અરે હાય વોય રે, મરી ગઈ બચાવો આ માર નથી સહેવાતો, કોઈ મને આ યમદૂતથી છોડાવો, પણ કોણ છોડાવે ? કોઈએ આવ્યું નહિ. યમદૂતોએ ગળામાં ફાંસો નાખી માંડયા ખેંચવા. ત્યારે પણ પાસે બેઠેલા બિન્દાને ગાળો દીધી જે, મારો પીટીયો સ્વામિનારાયણનો થઈ ગયો તે મટયો જ નહિ. ગાળમાં પણ સ્વામિનારાયણ નામ બોલાઈ ગયું એટલે તરત જ યમદૂતો દૂરથઈ ગયા. આ જાઈ કાકી મંડી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કરવા કાકી સમજી ગઈ કે સ્વામિનારાયણ નામનો શું

પ્રતાપ છે હું વૈર ભાવે નામ લીધું એવામાં યમદૂતો દુર ભાગી ગયા, એ જોઇ બોલી એ બિન્દા તારા સ્વામિનારાયણને બોલાવ મારી રક્ષા કરે, એવામાં તો દયાળુ ભગવાન સ્વામિનારાયણ આવી ગયા. કાકીને દિવ્ય દર્શન દીધા કાકીએ બે હાથ જોડીને ભગવાનની પ્રર્થના કરી હે પ્રભુ ! તમે પાપી ઉપર બહુ દયા કરી મારા અવગુણ નહીં જોઇને અંતકાળે મારી સહાય કરી. આમ ભગવાનની પ્રર્થના કરતા દેહનો ત્યાગ કરીને ભગવાનની સાથે રથમાં બેસી ભગવાનના ધામમાં ગઇ.

બાળ મિત્ર,, સાંભળ્યુંને ભગવાનના નામનો કેટલો પ્રતાપ છે. હરિલીલામૃત કળશમાં ગાયું છે.

તે મંત્ર જેના મુખથી જમાય, તેના થકી તો યમ નાશી જાય,
શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે.

ભાવે કે કુભાવે સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરવાથી ભગવાન ચોક્કસ યમદૂતથકી રક્ષા કરે જ છે. માટે બાળમિત્ર ! ભગવાનનું નામ લેવાથી ભક્ત પ્રહ્લાદની પણ રક્ષા ભગવાને હોલીકા થકી કરી હતી.ભક્ત પ્રહ્લાદને સુરક્ષીત જોઇને લોકો એનો ઉત્સવ મનાવે છે. રંગ ઉડાડે છે.

## -: જ્ઞાનસરિતા :-

### -: જ્ઞાનમાળા:-

૧. સ્વામિનારાયણ મંત્રનું પ્રગટય કયા ગામમાં થયેલું છે ?
(અ) ફરેણી (બ) જેતપુર
(ક) લોજ (ડ) પીપલાળા

૨. શ્રીનરનારાયણદેવના પિતાનું નામ શું હતું ?
(અ) ગૌત્તમ ઋષિ (બ) ધર્મદેવ
(ક) કશ્યપમુની (ક) અત્રી મુની

૩. શ્રી કૃષ્ણભગવાન કોની પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો ?
(અ) ગર્ગાચાર્ય (બ) શાન્ડિલ્ય ઋષિ
(ક) સંદીપની ઋષિ (ડ) અકુર

૪. સ્વામિનારાયણ નામ વ્હાલું, આ કિર્તન કોણે બનાવ્યું છે ?
(અ)પ્રેમાનંદ સ્વામી (બ) દેવાનંદ સ્વામી
(ક) નીષ્કુળાનંદ સ્વામી (ડ) બ્રહ્માનંદ સ્વામી

૫. નર નારાયણ સેવો રે આ કિર્તન કોણે બનાવ્યું છે ?
(અ) બ્રહ્માનંદ સ્વામી (બ) પ્રેમાનંદ સ્વામી
(ક) નારાયણદાસ (ડ) મુક્તનંદ સ્વામી

૬. આમાંથી કેટલા ગ્રંથો વ્યાસજીએ બનાવેલા છે ?
(અ) વિદુરનીતિ (બ) મહાભારત
(ક) રામાયણ (ડ) ભગવદ્ગીતા

૭. શિયાળામાં કયું મિષ્ટાન લોકો વધારે વાપરે છે ?
(અ) મોતીયા લાડુ (બ) રસગોલા
(ક) જલેબી (ડ) અડદીયા લાડુ

૮. ગુજરાતમાં કયાં જિલ્લામાં માત્ર એક જ તાલુકો છે ?
(અ) ખેડા (બ) નર્મદા (ઉ) કચ્છ (ડ) ડાંગ

૯. તમે તમારા માતાપિતાને કયા કામમાં મદદ કરશો?
(અ) ખાવાપીવામાં (બ) ઘરકામમાં
(ક) ટીવી જોવામાં (ડ) અ.બ.ક.ત્રણે

૧૦. કયા ધર્મનું આચરણ ન કરવું?
(અ) સ્વધર્મ (બ) વર્ણધર્મ
(ક) પરધર્મ (ડ) આશ્રમધર્મ

### સરનામું

નામ..............................................................

ગામ ..........................તાલુકો...........................

ઉંમર.............શાળા......................................

ધો.............. મો.ન..........................................

# ઓળખી બતાવો

(૧) જે બાળકે પાંચ વર્ષની ઉંમરમાં જ પાંચ મહિના તપ કરી ભગવાનના દર્શન કર્યા હતા અને અંતે ઉચ્ચ પદને પામ્યા. જે આજે પણ આકાશમાં તારા રૂપે દર્શન આપે છે. એ કોણ ?

(૨) જે બાળકનો જન્મ અસુર કુળમાં થયો હતો. બાળપણમાં  એમના પિતાએ ખૂબ દુઃખ આપ્યું  છતા પણ ભગવાનની ભક્તિ ન છોડી. જેમની રક્ષા કરવા ભગવાન એક અદ્‌ભૂત અવતાર લીધો હતો. એ કોણ ?

(૩) જે બાળકે આઠ વર્ષની ઉંમર જ તમામ વિદ્યા પ્રાપ્ત કરી લીધી હતી. કાશીમાં વિદ્વાનોની સભાને જીતી હતી. અને અગીયાર વર્ષની નાની ઉંમરમાં જ ઘરનો ત્યાગ કરી વનનો માર્ગ લીધો હતો. એ બાળકનું નામ શું હતું ?

(૪) જે બાળકનો જન્મ જંગલમાં થયો હતો. જે બાળપણમાં જ સિંહ આદિ જંગલી પ્રાણીઓ સાથે રમતો. જેમના નામથી આ દેશ ભારત એવા નામે પ્રસિદ્ધને પામ્યો છે એ કોણ ?

(૫) જે બાળકે માતાપિતાની સેવા કરી ઈતિહાસમાં પોતાનું નામ અમર બનાવ્યું હતું. અંતે એક રાજાના હાથે મૃત્યુ પામ્યો હતો એવા માતૃપિતૃભકત બાળકનું નામ શું હતું ?

(૬) જે યુવાને પોતાના પિતાની ઈચ્છા પુરી કરવા આજીવન બ્રહ્મચારી રહેવાની પતિજ્ઞા લીધી હતી. એમની રાજ પ્રત્યે નિષ્ઠા અજોડ હતી. અંતે ભગવાનના સાંનિધ્યમાં સ્વચ્છાએ દેહ છોડી પરલોક સિધાવ્યા હતા. એ કોણ ?

(૭) જે બાળકનું દાન એમના પિતાએ મૃત્યુદેવને આપેલું હતું. યમરાજા પાસેથી જે બાળકે બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરી હતી. એ બાળકનું નામ શું હતું ?

(૮) જે બાળકે ઘર છોડવા માટે ગાંડા થયા હતા. ઘર છોડી સાચા સદ્‌ગુરુની શોધમાં ફર્યા અંતે એક માહાપુરૂષને શરણે રહ્યા. એવા તેજસ્વી બાળક કોણ હતા ?

(૯) જે બાળપણમાં ભક્તિના રંગે રંગાયાં હતાં. જેમના પિતાને બાળકૃષ્ણ દૂધપી પરચો આપ્યો હતો. નાની ઉંમરમાં જ સાંખ્યયોગ લઈ આજીવન બ્રહ્મચારી રહ્યાં હતાં. એવા મહાન નારીરત્ન કોણ હતાં ?

(૧૦) જે બાળકની બાળપણમાં જ શ્રીહરિએ કસોટી કરી હતી. જેમના પ્રેમને આધીન ભગવાન થયા હતા. જેમની જનના જાનૈયા સંતો થયા હતા. એવા વિશ્વાસું ભક્ત કોણ હતા ?

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૬૫૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર | મસ્કત ભાજા | શ્રી નરનારાયણદેવ મંદિર, ભુજમાં ધૂન, સાઈટ ગૌસેવા તેમજ રસોઈ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | નારણ કરસન કેરાઈ | રામપર વેકરા | |
| | | મિરજાપર હાલે લંડન | સુપુત્રી ધનબાઈ વિનોદભાઈ શિયાણી તેને બસનું લાયસન્સ મળતા તે નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | કલ્યાણ સામજી કરસન હીરાણી | ભક્તિનગર માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | ગોવિંદ કરસન વરસાણી | | |
| | ધ.પ. સવિતાબેન | માધાપર | માઘ સ્નાન નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | મગનભાઈ માવજીભાઈ અધારા | માધાપર | ચિ. ઉર્વશીના લગ્ન નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | સંજય મનજી ભુડીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | અક્ષય વાલજી ભુડીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૪૦૦૧/- | મિહીર ચંદ્રકાન્ત કેરાઈ | રામપર વેકરા | |
| | | હાલે લંડન | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | અનિલભાઈ રાજેન્દ્રભાઈ મહેતા | ભુજ | અ.નિ. મંગળા માસીની માસિક પુણ્યતિથિ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | અશ્વિનભાઈ નારણભાઈ પોકાર | નડીયાદ | નવી ફોર વ્હીલર ગાડી 'ઈકો'ની ખરીદી કરી તે નિમિત્તે ભેટ |
| ૧૦૦/- | ઉત્સવકુમાર અમૃતલાલ નારણ પોકાર | નડીયાદ | સારા માર્કસથી પાસ થતાં તે નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | નીલ વિનોદ વરસાણી હ. માવજી | માધાપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | મિતાંશ ભાવેશ દબાસીયા | ભક્તિનગર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | કાન્તાબેન હાલાઈ | સુખપર | જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | મહેન્દ્ર વેલજી કરસન હીરાણી | મેઘપર | લગ્ન પ્રસંગે ભેટ |
| ૨૫૧/- | વિણા વસંતરાય મહેતા | નખત્રાણા | પૌત્રી ચિ. હેત્વીના જન્મદિવસ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | દેવુબેન નાનજી માધાપરીયા | | |
| | હ. કુંવરબેન | માધાપર | પૌત્રી ચિ. કાજલ પ્રફુલ્લભાઈ, દોહિત્રી ચિ. કુંવરજી નેહા રવિભાઈના જન્મદિવસ નિમિત્તે ભેટ |




શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ - મુન્દ્રા




મંદિરમાં શિક્ષાપત્રીનું પૂજન તથા મહાઆરતીનો લાભ લેતો ભક્ત સમુદાય - અંજાર




શ્રી ઘનશ્યામ ગૌશાળાનું ઉદ્‌ઘાટન - અંજાર




શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ, ગાંધીધામમાં શાકોત્સવ તથા વાર્ષિકોત્સવ

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2015-2017
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2015

# વિશ્રાંતિભવન પાર્લાનો ૧૬ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો – મુંબઈ

















